# બુદ્ધિં તર્પયામિ



**સમય 30 મિનિટ** **ગુણાંક 20**

શાસ્ત્રના પાને આવતી અતિપ્રસિદ્ધ ઘટના. બાપ વિનાનો ગરીબ ગોપાળપુત્ર સંગમ. મા મજુરી કરીને અને સંગમ ગામના ઢોર ચરાવીને માંડ માંડ પેટિયું રળતા. પર્વનો દિવસ આવ્યો. સહુને ખીર ખાતા જોઇ સંગમને ખીર ખાવાની ઇચ્છા, ન મેળવી શકતા મા-દીકરો બન્ને રડવા માંડ્યા. પડોશીઓએ કરુણાથી આપેલ સામગ્રીથી ખીર બનાવી. માસક્ષમણના તપસ્વી સાધુ ઘરે આવતા સંગમે ઉલ્લાસથી થાળી ભરીને ખીર સાધુ ભગવંતને વહોરાવી દીધી અને બીજે ભવે શાલિભદ્ર શેઠ બન્યો. માત્ર સમજવા માટે અસત્કલ્પના કરીએ કે રુ. 25 ની કિંમતની ખીર વહોરાવી, એના ફળરુપે પ્રાયઃ 10 વર્ષ સુધી રોજની દિવ્ય 33 પેટી વસ્ત્રોની, 33 ભોજનની અને 33 અલંકારોની પેટી ઉતરી હોય. ભોજન કિંમત રુ. 1,000.00, વસ્ત્રની કિંમત રુ. 10,000.00 અને અલંકારની કિંમત રુ. 1,00,00,000.00 પેટી દીઠ ગણીએ.

સામે પક્ષે સ્કુલના 12 વર્ષ સ્કુલ-ટ્યુશન ફી-પુસ્તક-નોટોના રુ. 2,00,000.00 ખર્ચી, 5 વર્ષ એમ.બી.એ. કોર્સના રુ. 10,00,000.00 ખર્ચી કોઇ યુવાન એમ.બી.એ. ગોલ્ડ મેડાલીસ્ટ બન્યો અને વાર્ષિક 1 કરોડ રુ. ની નોકરી મળી, જેમાં દર વર્ષે 15,00,000 નો વધારો મળે, આવું 15 વર્ષ અને ત્યારબાદ 15 વર્ષ ફીક્સ આવકની નોકરી કરી રીટાયર્ડ થયો.

ચિત્તપ્રસન્નતા, આત્મશુદ્ધિ, સુસંસ્કારો, શુભપુણ્ય, સમાધિ, સદ્‌ગતિની પરંપરા અને સિધ્ધિગતિની પ્રાપ્તિ આદિ આધ્યાત્મિક લાભ તો બાજુ પર રાખીએ, માત્ર ભૌતિક દ્રષ્ટિકોણથી પણ ભૌતિક શિક્ષણ અને ધર્મ આરાધના-બન્નેના પરિણામોની વિચારણા કરીએ તો પણ કોણ ચડે ? આની થોડી વિચારણા કરીએ.



**પ્રશ્ન 1 : 15 વર્ષ સુધી દર વર્ષે 15,00,000.00 નો વાર્ષિક પગાર વધારો હોય તો પાંચમાં વર્ષના પ્રથમ ત્રણ મહિનાની કુલ આવક કેટલી ?**

**પ્રશ્ન 2 : કુદરતી હોનારત આવતા યુવાને 20મા વર્ષના પ્રથમ મહિનાનો પગાર દાનમાં આપ્યો તો તેણે કેટલી રકમ દાનમાં આપી હશે ?**

**પ્રશ્ન 3 : પ્રથમ 15 વર્ષ અને 16 થી 30 વર્ષના ગાળાના બીજા 15 વર્ષ, આ બન્નેના કુલ પગારો પ્રત્યેક કેટલા થાય ?**

**પ્રશ્ન 4 : કુલ અભ્યાસખર્ચ અને પ્રથમ વાર્ષિક પગારની સરખામણી કરીએ તો વળતર કેટલા ટકા થયું ?**

**પ્રશ્ન 5 : શાલિભદ્રને ત્યાં સંભવિત 10 વર્ષમાં ઉતરેલી સંભવિત પેટીઓમાં ભોજન, વસ્ત્ર અને અલંકારની પ્રત્યેક પેટીઓની કુલ સંખ્યા કેટલી ? અને બધી પેટીઓની કુલ સંખ્યા કેટલી ?**

**પ્રશ્ન 6 : એક વર્ષમાં શાલિભદ્રને કુલ કેટલા રકમની સામગ્રી પેટીઓમાંથી મળી ? 25 રુ. ની ખીરના બદલામાં મળેલ આ ભોગ સામગ્રીનું વળતર રુપે મૂલ્યાંકન કરીએ તો કેટલા ટકા વળતર થાય ?**

**પ્રશ્ન 7 : 10 વર્ષમાં પેટીઓ દ્વારા મળેલ સામગ્રીને 33% ભાવે વેચી રોકડા રુપિયા સુકૃતમાં વાપરી નાખવામાં આવે તો તે રકમ કેટલી થાય ?**

**પ્રશ્ન 8 : આંકડાશાસ્ત્રની દ્રષ્ટિએ 12 લાખ રુ. ના રોકાણ પાછળ 30 વર્ષમાં વળતર અને 25 રુ. ના સદ્‌વ્યય દ્વારા 10 વર્ષમાં મળેલ વળતર, કોણ કોનાથી કેટલું ચડિયાતું ?**

**પ્રશ્ન 9 : ખીર બનાવવાનો અને વહોરાવવાનો સમય – 1 કલાક – અભ્યાસ નો કાળ 2 + 12 + 5=19 વર્ષ, સરેરાશ રોજના 5 કલાક અભ્યાસકાળ ગણીએ અને સમયનું મૂલ્ય એક કલાકનું 20 રુ. ગણીએ અને જે રકમ આવે તેને વળતરથી ભાગીએ તો બન્નેના વળતર કેટલા આવે ?**

**પ્રશ્ન 10 : હવે બે વળતર વચ્ચેના ચડિયાતાપણાનો ભાજકરાશિ (Ratio) કેટલો આવે ?**

# બુદ્ધિં સન્ધયામિ



**સમય 30 મિનિટ** **ગુણાંક 20**

**પ્રશ્ન 1 આપેલ સંકેત પરથી એક તીર્થનું નામ જણાવો. (5)**

1. રાજાઓનું નગર
2. ઝઘડાને ડૂબાડે તેવો હોજ
3. સંપૂર્ણ ફસલ
4. પાંદડાનું સરોવર
5. એક આંખે નહીં દેખતો વર

**પ્રશ્ન 2 કોડ ભાષામાં જવાબ આપો. (5)**

1. એક આંકડાકીય કોડ ભાષામાં આંખને 4 કહેવાય તો તે કોડ-ભાષામાં જીભને શું કહેવાય ?
2. એક આંકડાકીય કોડ ભાષામાં ક્રોધને 6 કહેવાય તો તે કોડ-ભાષામાં દ્વેષને શું કહેવાય ?
3. એક આંકડાકીય કોડ ભાષામાં પુણ્યને 3 કહેવાય તો તે કોડ-ભાષામાં મોક્ષને શું કહેવાય ?
4. એક આંકડાકીય કોડ ભાષામાં પાણીને 2 કહેવાય તો તે કોડ-ભાષામાં ઝાડપાનને શું કહેવાય ?
5. એક આંકડાકીય કોડ ભાષામાં જિનપ્રતિમાને 1 કહેવાય તો તે કોડભાષામાં સાધુને શું કહેવાય ?

**પ્રશ્ન 3 એક તોફાની છોકરાએ કેટલાક સુપ્રસિદ્ધ ભજન, ગીત કે સ્તુતિની પ્રથમ કે અંતિમ કડીઓના અક્ષરોને આડા અવળા કરી નાખ્યા છે તો તે પંક્તિ શોધો. (5)**

1. ઇ જિ મા ત ન તિ કી પ્ર ત ર ની સું વો દ ગા ના કિ ર હો સું ત દ
2. શ્વ પ્ર મિ જિ થ પ્ર યે મ ને ણ ર ગં ય જા રે કા સુ ધિ સ
3. મા તું યા ણ પા હિ રા લી ન છે ર તા નો હિ ખિ હા છે ન તું દી ર મ બે તા ર દુ



4. વે ને વા ભુ ત ગ હં ભા મું એ ન ચાં પ્ર રિ હું પં અ
5. ઓ વો બો જ જી જુ ભુ આ રા લા મા સા સે ને ને રી મુ પ્ર ક ક વ હી

**પ્રશ્ન 4 નીચે આપેલા ચોકઠાના અક્ષરોનો ઉપયોગ કરી આડી, ઉભી કે ત્રાંસી લીટીમાં શબ્દો બનાવો. એક અક્ષરનો ઉપયોગ અનેકવાર કરી શકાશે. કુલ 30 શબ્દો શોધો. (5)**

| | | | |
|---|---|---|---|
| આ | દિ | ના | થ |
| ગ | નં | ર | શ |
| મ | ર | દ | ક |

# બુદ્ધિં ઉત્તેજયામિ



**સમય 30 મિનિટ** **ગુણાંક 25**

**પ્રશ્ન 1** **અહીં 40 તીર્થના નામ આપ્યા છે તેમાંથી 20 તીર્થના નામની અક્ષરની બારાખડીથી બીજા તીર્થનું નામ શરુ થાય છે. અંતાક્ષરી શરુ કરવા પ્રથમ નામ રાઉન્ડમાં મુકેલ છે. તમે હવે આગળ વધો...ન નો ણ થઇ શકશે. (10)**

| | | | |
|---|---|---|---|
| **વિમલાચલ** | મન્ડાર | નાડોલ | રાજકોટ |
| શંખેશ્વર | ડભોઇ | સુથરી | લખનૌ |
| નળીયા | વરકાણા | રૈવતગિરિ | લોદ્રવા |
| આબુ | રાણકપુર | ડેમ | અગાસી |
| લક્ષ્મણા | વારંગ | જૂનાગઢ | ઢંકગિરિ |
| રેશન્તગિરિ | મક્ષીજી | જીરાવલા | હુમ્બજ |
| લછવાડ | વાણારસી | નાડલાઇ | હસ્તગિરી |
| ગુણીયાજી | સિયાણી | શત્રુંજય | ઇડર |
| અમરાવતી | રત્નપુરી | માંડવગઢ | રાતા મહાવીર |
| રાંતેજ | રાજગૃહી | રાંચી | ઢસા |

**પ્રશ્ન 2** **ઇતિહાસનું પાનું બોલે છે** **(10)**

1. તિલકની રક્ષા માટે.........મંત્રીએ પ્રાણનું બલિદાન આપવાની ખુમારી દાખવી હતી. (વિમલ, વસ્તુપાળ, કપર્દી)
2. તીર્થરક્ષા માટે......શેઠે લાખોની કિંમતના ભેટણા મોગલ બાદશાહોને પોતાના ખજાનામાંથી ધર્યા હતા. (શાંતિદાસ, મોતીશા, પેથડશા)
3. સાધ્વીજીના શીલની રક્ષા માટે....એ યુદ્ધ કરાવ્યું (હેમચંદ્રસૂરિ, કાલકસૂરિ, યશોભદ્રસૂરિ)



4. સાધુના વેશના પ્રભાવે ભિખારી મરીને....બન્યા. (સુભૂમ ચક્રવર્તી, સુબાહુકુમાર, સમ્રાટ સંપ્રતિ)
5. ભગવાન મહાવીરના મામા....વૈશાલીના રાજા હતા. (સુપાર્શ્વ, ચેડા, પ્રસેનજિત)
6. મંકોડાને બચાવવા.....પગની ચામડી જાતે ઉતારી લીધી. (કુમારપાળે, શ્રીપાળે, વસ્તુપાળે)
7. રાવણે....ગિરિરાજ પર તીર્થંકર નામકર્મ બાંધ્યું. (શત્રુંજય, મેરુ અષ્ટાપદ)
8. આખા ગુજરાતને એક વર્ષ જમાડનાર....હતો. (ચાંપો વાણિયો, ખીમો દેદરાણી, વીર ભામાશાહ)
9. .....એ 32 વર્ષની વયે આજીવન બ્રહ્મચર્યવ્રત સ્વીકાર્યું હતું. (ઝાંઝણશા, ધરણાશા, જાવડશા)
10. જંબુસ્વામી સાથે તેમના સિવાય બીજા.......જણે દીક્ષા લીધી. (526, 527, 528)

**પ્રશ્ન 3** **શબ્દસાંકળ** **(5)**

નીચે કેટલાક અક્ષરો આપેલા છે તેમાંથી તમારે કુલ પાંચ શબ્દ બનાવવાના છે. શરત એટલી છે કે દરેક શબ્દનો છેલ્લો અક્ષર તે પછીના શબ્દના પહેલો અક્ષર હોવો જોઇએ અને અર્થપૂર્ણ શબ્દ બનવો જોઇએ અને આખી સાંકળ થયા બાદ તેનો મહત્વપૂર્ણ અર્થ થાય છે. એકનો એક અક્ષર ફરીથી વાપરવો નહિ.

| | | | | | |
|---|---|---|---|---|---|
| જે | ખ | વા | X | ખે | રા |
| શં | ર | શ્વ | જ | ખ | લા |

# બુદ્ધિં ઉત્સર્પયામી



**સમય 30 મિનિટ** **ગુણાંક 20**

| | ચક્રવર્તીનું નામ | માતા | પિતા | જન્મસ્થળ | વર્ણ | ગોત્ર | ઊંચાઇ | આયુષ્ય | કોના સમયમાં |
|---|---|---|---|---|---|---|---|---|---|
| 1. | ભરત | સુનંદા | ઋષભ | વિનીતા | સુવર્ણ | કાશ્યપ | 500 ધનુ. | 84 લાખ પૂર્વ | ઋષભદેવ |
| 2. | સગર | યશોમતી | સુમતિ | અયોધ્યા | સુવર્ણ | કાશ્યપ | 450 ધનુ. | 72 લાખ પૂર્વ | અજિતનાથ |
| 3. | મઘવા | ભદ્રા | સમુદ્રવિજય | શ્રાવસ્તી | સુવર્ણ | કાશ્યપ | 42.૫ ધનુ. | 5 લાખ વર્ષ | ધર્મ-શાંતિની વચ્ચે |
| 4. | સનતકુમાર | સહદેવી | અશ્વસેન | હસ્તિનાપુર | સુવર્ણ | કાશ્યપ | 41.૫ ધનું. | 3 લાખ વર્ષ | ધર્મ-શાંતિની વચ્ચે, બન્ને ત્રીજા દેવલોકમાં |
| 5. | શાંતિનાથ | અચિરા | વિશ્વસેન | હસ્તિનાપુર | સુવર્ણ | કાશ્યપ | 40 ધનુ. | 1 લાખ વર્ષ | |
| 6. | કુંથુનાથ | સિરિદેવી | શુર | હસ્તિનાપુર | સુવર્ણ | કાશ્યપ | 35 ધનુ. | 95 હજાર વર્ષ | |
| 7. | અરનાથ | દેવી | સુદર્શન | હસ્તિનાપુર | સુવર્ણ | કાશ્યપ | 30 ધનુ. | 84 હજાર વર્ષ | |
| 8. | સુભૂમ | તારા | કૃતવીર્ય | હસ્તિનાપુર | સુવર્ણ | કાશ્યપ | 28 ધનુ. | 60 હજાર વર્ષ | અર-મલ્લીની વચ્ચે (7મી નરક) |
| 9. | પદ્મ | જ્વાલા | પદ્મોત્તર | વારાણસી | સુવર્ણ | કાશ્યપ | 20 ધનુ. | 30 હજાર વર્ષ | મુનિસુવ્રત સ્વામિ |
| 10. | હરિષેણ | મેરા | મહાહરિ | કામ્પિલ્ય | સુવર્ણ | કાશ્યપ | 15 ધનુ. | 10 હજાર વર્ષ | નમિનાથ ભગવાન |
| 11. | જય | વપ્રા | વિજય | રાજગૃહ | સુવર્ણ | કાશ્યપ | 12 ધનુ. | 3 હજાર વર્ષ | નમિ-નેમિ વચ્ચે. |
| 12. | બ્રહ્મદત્ત | ચુલની | બ્રહ્મ | કામ્પિલ્ય | સુવર્ણ | કાશ્યપ | 7 ધનુ. | 700 વર્ષ | નેમિ-પાર્શ્વ વચ્ચે (7મી નરક) |

2 ચક્રવર્તી ત્રીજા દેવલોકે, 2 ચક્રવર્તી 7 મી નરકે, બાકીના 8 ચક્રવર્તી મોક્ષમાં ગયા. તમામ ચક્રવર્તી છ ખંડ વિજેતા, 64,000 રાણીઓ અને 32,000 રાજાઓના સ્વામિ, 84 લાખ હાથી-ઘોડા-રથ અને 96 ક્રોડ પાયદળના અધિપતિ હતા. 14 રત્નો અને નવ નિધાનો એમની સેવામાં હાજરાહજુર હતા. (1 પૂર્વ = 70,560 અબજ વર્ષ, 1 ધનુષ્ય = 4 હાથ = 8 વેંત, 1 વર્ષ = 12 માસ = 24 પખવાડિયા).



પ્રશ્ન 1 જે ચક્રવર્તીનું અને તેમના પિતાનું નામ 'પરાજય' નો વિરોધી શબ્દ હતો. તે ચક્રવર્તીની ઊંચાઇને માત્ર મીંડા વગરની તેમની જ આયુષ્યની સંખ્યા સાથે ગુણી તે સંખ્યામાંથી તીર્થંકર ચક્રવર્તીઓના મધ્યમાં રહેલ તીર્થંકરનો આ પ્રશ્નપત્રમાં આપેલ ક્રમાંક નંબર બાદ કરતા આવતી રકમ જેટલી ઊંચાઇ ધરાવતા ચક્રવર્તીના આયુષ્ય કરતાં આગંળીમાંથી વીંટી પડતા કેવળજ્ઞાન પામનાર ચક્રવર્તીનું આયુષ્ય કેટલા ગણું મોટું ?

પ્રશ્ન 2 દેવલોકમાં ગયેલા અને સૌધર્મેન્દ્રના પર્યાયવાચી શબ્દને નામરુપે ધરનાર ચક્રવર્તીની ઊંચાઇ કરતા 20 વેંત ઓછી ઉંચાઇવાળા ચક્રવર્તીના આયુષ્ય કરતા 960 હજાર પખવાડિયાનું ઓછું આયુષ્ય ધરાવનાર ચક્રવર્તી મૃત્યુ બાદ ક્યાં ગયા ?

પ્રશ્ન 3 જે ચક્રવર્તીના પિતાનું નામ 'મોટા વિષ્ણુ' એવું થાય છે તે ચક્રવર્તીની રાજધાનીના સમાન નામવાળી રાજધાની જેમની છે તે ચક્રવર્તીના આયુષ્યના 100 ગણા આયુષ્યમાંથી કેટલા પખવાડિયા બાદ કરતા મુનિસુવ્રતસ્વામિ ભગવાનના સમયના ચક્રવર્તીનું આયુષ્ય આવે ?

પ્રશ્ન 4 દેવલોકમાં બે ચક્રવર્તી ભેગા થયા. એમાંથી એક કહે છે કે હાલ પૃથ્વી પર જે ચક્રવર્તીનું સામ્રાજ્ય છે તેમના કરતા મારું આયુષ્ય $\sqrt[3]{૧૨૫}$ ગણું વધારે હતું તો બીજા ચક્રવર્તી દેવ કહે છે કે મારી ઉંચાઇ $\sqrt[3]{૨૧૬}$ હાથ વધારે હતી તો હાલ પૃથ્વી પર વિચરતા ચક્રવર્તીની ઊંચાઇ કેટલા હાથ આવે ?

પ્રશ્ન 5 અમાસની રાત્રે પણ આકાશને શોભાવે છે એવા તત્ત્વનું નામ ધરાવતી દેવીના પુત્રના આયુષ્યને અડધું કરતા જે ચક્રવર્તીનું આયુષ્ય આવે તે ચક્રવર્તીની ઊંચાઇમાં શાંતિનાથ ચક્રવર્તીની ઊંચાઇની સંખ્યા જેટલા હાથ ઉમેરીને તેને 10 હાથ વડે ગુણી 20 વેંત વડે ભાગતા આવતી ઉંચાઇવાળા ચક્રવર્તીની માતાનું નામ શું ?

પ્રશ્ન 6 પદ્મ ચક્રવર્તીની ઊંચાઇ અને આયુષ્ય કરતા ડબલ (બે ગણા) ઊંચાઇ અને આયુષ્ય જે ચક્રવર્તીઓના છે તે બન્ને ચક્રવર્તીઓની વચ્ચે રહેલા

ચક્રવર્તીઓના આયુષ્યને ભેગા કરી તેમાં કેટલા હજાર વર્ષ ઉમે-રતા શ્રાવસ્તીનરેશનું આયુષ્ય આવે ?

પ્રશ્ન 7 કુંભરાશિવાળા માતાના પુત્રો અને કુંભરાશિવાળા પિતાના પુત્રોના આયુષ્યને સરખાવતા કોના આયુષ્યનો સરવાળો વધી જાય ? કેટલો ?

પ્રશ્ન 8 એક ચક્રવર્તીની ઊંચાઇને હાથમાં ફેરવતા બીજા ચક્રવર્તીની ઊંચા-ઇનો ધનુષ્યનો આંક આવે છે. તે ધનુષ્યમાં આંકવાળી ઊંચાઇ ધરાવતા ચક્રવર્તીની ઊંચાઇ અને ત્રીજા તીર્થંકર ચક્રવર્તીની ઊંચા-ઇમાં કેટલી વેંતનો ફરક છે ?

પ્રશ્ન 9 અમારા પાંચના આયુષ્યનો સરવાળો ભદ્રાનંદનના આયુષ્ય જેટલો થાય છે તો અમારામાંના સૌથી નાના ચક્રવર્તીની રાજધાની કઇ ?

પ્રશ્ન10 હું બીજા કામ્પિલ્યપુરનરેશથી મોટો છું. અને બીજા હસ્તિનાપુર-નરેશથી નાનો છું. પંચમ હસ્તિનાપુરનરેશથી મારું આયુષ્ય છઠ્ઠા ભાગનું છે તો ચોથા હસ્તિનાપુર નરેશથી અડધી કાયા ધરાવું છું અને નમિનાથ ભગવાનને મારા ઇષ્ટદેવ માનું છું તો મારું નામ શું ?



# બુદ્ધિનો પકડદાવ



**સમય મર્યાદા 30 મિનિટ** **ગુણાંક 25**

**પ્રશ્ન 1 આપેલા સંકેતો પરથી વર્તમાન ચોવીશીના ચોવીશ પરમાત્માના નામ ઓળખો. (10)**

1. કાશ્મીરમાં બેઠા હોઇએ તેવો અનુભવ થાય.....મારું નામ શું ?
2. એક ઉત્તમ ફુલના નામ પરથી મારું નામ શોધી કાઢો.
3. મંગલ દિવસે સત્કાર્યને 'કોંગ્રેચ્યુલેશન' આપો.
4. 'સર્વ જીવોનું કલ્યાણ થાઓ' આ મારી ભાવના મારા નામમાં જ સમાઇ ગઇ છે.
5. મારા નામમાંથી પહેલો અક્ષર કાઢો તો બીજા એક તીર્થંક-રનું નામ બને છે.
6. સિદ્ધદશા પ્રાપ્ત કરતા જેટલા ગુણો પ્રાપ્ત થાય તેટલા ગુણોનો હું નાથ છું.
7. 'સાઇલન્સ પ્લીઝ' ઘોંઘાટ ન કરો આવી વિનંતિસૂચક શબ્દ ધરાવું છું.
8. તમને બધાને ગમે છે તે સદ્બુદ્ધિ મારી પાસેથી મળી શકે છે.
9. સારી રીતે વિધિપૂર્વક ક્રિયા કરવી જોઇએ આવું સૂચવનાર શબ્દ મારા નામમાં છે.
10. હું સ્ત્રી હોવા છતાં મલ્લને હરાવી શકું એવી મારી શક્તિ છે.
11. ગગનના રાજાનું જે નામ છે તે જ મારું નામ છે.
12. પૂર્વભવમાં 500 કલ્યાણકની ઉજવણીનો લાભ મને મળ્યો હતો તેથી આજે મારું નામ બહુ જ મહિમાવંતુ ગણાય છે.

13. કોઇ હરાવી ન શકે એવી શક્તિવાળો હું છું.

14. લળી લળીને (ઝુકી ઝુકીને) વંદન કરતા શબ્દથી ભગવાનને યાદ કરો.


15. જે કરવાથી દુર્ગતિ ન થાય તે તત્ત્વ મારા નામમાં છે.

**પ્રશ્ન 2. અણાહારી પદ મેળવતા પહેલા આહારની ઓળખ કરીએ. પ્રત્યુત્તર સાચું કે ખોટું શબ્દથી જણાવવો. કારણ આપો. (5)**

1. સાહિલે પોતાના જન્મદિવસે ઉજવણીમાં જૈન છોલે પુરી-ગુલાબજાંબુ તથા જૈન આઇસ્ક્રીમની પાર્ટી આપી.
2. રાહિલે બોર્ડમાં સાતમો નંબર આવ્યાની ટ્રીટ જૈન પાઉં-ભાજી તથા પંજાબી ડીશ તથા ચોકલેટ્સ ખવડાવીને આપી.
3. ફ્રેન્ડશીપ ડે ના દિવસે સંજુબાબાએ સહુને વોટરપાર્કની સહેલ કરાવી, જૈન સેન્ડવીચ, પાણીપુરી આદિની ફીસ્ટ આપી.
4. અમદાવાદના જૈન યુવક મંડળે ફાગણ સુદ 13ની છ ગાઉની યાત્રા નિમિત્તે દહીં-થેપલા-વઘારેલા મરચા-પાપડ-વરિયાળી શરબતનો પાલ રાખ્યો હતો.
5. મલાડના યુવક મંડળે પ્રભુવીરના જન્મકલ્યાણક નિમિત્તે રસ-પુરી-ઢોકળા-મગની છૂટી દાળ-કઢીનું સંઘ સ્વામિવાત્સલ્ય કર્યું...

**પ્રશ્ન 3. કાનોમાતર (5)**

સામે વર્તુળમાં કાનોમાતર વગરના અક્ષરો આપેલા છે. અને આકા-રાન્ત (આ)ની મદદથી સાત અક્ષરનો શબ્દ બનાવો. 'આ' નો ઉપ-યોગ અનેકવાર કરી શકાશે.







# ખેલો બુદ્ધિના આટા પાટા



**સમય 30 મિનિટ** **ગુણાંક 20**



**નંબર પ્રમાણે શ્રી પાર્શ્વનાથ પરમાત્માના સંબંધીઓને મળો.**

| | | | |
|---|---|---|---|
| દા.ત. | (1) | 13 | = ______ પાર્શ્વ |
| | (2) | 51 | = ____________ |
| | (3) | 3577 | = ____________ |
| | (4) | 2489 | = ____________ |
| | (5) | 21688 | = ____________ |
| | (6) | 4570 | = ____________ |
| | (7) | 84 | = ____________ |
| | (8) | 613 | = ____________ |
| | (9) | 257 | = ____________ |
| | (10) | 0907 | = ____________ |
| | (11) | 243 | = ____________ |
| | (12) | 5256 | = ____________ |
| | (13) | 9058 | = ____________ |
| | (14) | 236900 | = ____________ |
| | (15) | 34594 | = ____________ |
| | (16) | 2498 | = ____________ |
| | (17) | 7108 | = ____________ |
| | (18) | 71 | = ____________ |
| | (19) | 32976 | = ____________ |
| | (20) | 618 | = ____________ |
| | (21) | 690 | = ____________ |
| | (22) | 431 | = ____________ |



# બુદ્ધિં વિકાસયામિ




**સમય 30 મિનિટ** **ગુણાંક 20**

**પ્રશ્ન 1** **નીચે દરેક પ્રશ્નમાં ચાર-ચાર નામના કુલ ચાર સમૂહ આપ્યા છે. તે દરેકના પ્રથમ સમુહ A માં એક નામ એવું છે જેના સમાનાર્થી શબ્દ B, C, Dમાં પણ છે. સમૂહ A નો તે શબ્દ લખો.** **(5)**

| 1. | A | B | C | D |
|---|---|---|---|---|
| | રાજા | શ્રેષ્ઠિ | ગરોડો | અમાત્ય |
| | પ્રધાન | દ્વિજ | સામંત | ભૂપ |
| | શેઠ | મંત્રી | રાણક | સભાસદ |
| | બ્રાહ્મણ | નૃપ | મહાજન | પ્રજાજન |

| 2. | A | B | C | D |
|---|---|---|---|---|
| | જન્મ | બાળપણ | શિશુ | નિધન |
| | મરણ | ઘડપણ | તરુણ | સીમંત |
| | જીવન | મૃત્યુ | પ્રૌઢ | પિતૃત્વ |
| | ચરણ | યુવાની | અવસાન | વૃદ્ધત્વ |

| 3. | A | B | C | D |
|---|---|---|---|---|
| | નદી | કૂપ | રત્નાકર | આકર |
| | ઉદધિ | તડાગ | અવટ | સાગર |
| | કૂવા | સરિતા | પયસ્વિની | કાસાર |
| | તળાવ | સમુદ્ર | તેજસ્વિની | ખાબોચિયું |

| 4. | A | B | C | D |
|---|---|---|---|---|
| | નરક | માનવ | અમર | દાનવ |
| | દેવ | શ્વભ્ર | ચમર | પશુ |
| | મનુષ્ય | અસુર | મનુજ | પ્રબુદ્ધ |
| | તિર્યંચ | સુર | દનુજ | વિબુધ |

| 5. | A | B | C | D |
|---|---|---|---|---|
| | અરિહંત | પુણ્ય | મુનિ | ગતિ |
| | સિદ્ધ | યતિ | તીર્થ | ગુણી |
| | સાધુ | તીર્થંકર | ભગવાન | શણગાર |
| | ધર્મ | મુક્ત | બુદ્ધ | અણગાર |

**પ્રશ્ન 2 નીચેના દરેક પ્રશ્નમાં સમાન જ્ઞાતિના શબ્દોની સરસ પંગત બેઠી છે તેમાં અન્ય જ્ઞાતિનો એક શબ્દ ઘૂસી ગયો છે તો ઘૂસણખોરને શોધી આંક લખો. (5)**

| | | | |
|---|---|---|---|
| 1. A કાન | B નાક | C આંખ | D જીભ |
| 2. A આબુ | B ગીરનાર | C પાલિતાણા | D તારંગા |
| 3. A કુમારપાળ | B શ્રીપાળ | C સંપ્રતિ | D વસ્તુપાળ |
| 4. A ચૈત્યવંદન | B તીર્થવંદન | C ગુરુવંદન | D દેવવંદન |
| 5. A વડગામ | B દહેગામ | C નવાગામ | D ખામગામ |

પ્રશ્ન 3 નો કેલક્યુલેટર-નવપદના અખંડ આંક 9 ને સતત મનમાં રમતો રાખવા નીચેના પ્રશ્નોના વેઢાથી કે કાગળ-પેન વાપરી જવાબ શોધો. દરેકનો જવાબ 9 ના ગુણાંકમાં જ આવશે. (5)


1. 9 ને 36 વડે ગુણી 6 વડે ભાગો.
2. 9 ને 17 વડે ગુણી 45 બાદ કરો.
3. 9 ને 45 વડે ગુણી 45 બાદ કરો.
4. 324માંથી 45 બાદ કરી 31 વડે ભાગો.
5. 252 માં 162 ઉમેરી 23 વડે ભાગો.
6. 126 ને 7 વડે ભાગી 54 ઉમેરો.
7. 324 માં 144 ઉમેરી 216 બાદ કરો.
8. 45 ને 18 વડે ગુણી 45 થી ભાગો.
9. 117 માંથી 45 બાદ કરી 135 ઉમેરો.
10. $9^2$ ને $9^3$ માંથી બાદ કરી 18 વડે ગુણો.



**પ્રશ્ન 4 સાંકેતિક ભાષા ઉકેલીને નીચેના ફકરાનું સાદી ભાષામાં રૂપાંતર કરો. (5)**

મનજિમનનમનશામનસમનનમનએ મનમામનરોમનપ્રામનણ
મનમામનરું મનહૃમનદમનયમનમામનરુંમનસમનર્વ
મનસ્વમનછેમનએમનનામનપમનરમનમમનનેમનખૂમનબ
મનપ્રેમનમમનઅમનનેમનશ્રમનદ્ધામનછે
મનએમનનીમનસેમનવામનઅમનનેમનરમનક્ષામનમા
મનટેમનમામનરીમનતમનમામનમમનતામનકામનતમનલ
મનગામનવીમનદમનઇમનશમનઅમનનેમનજમનરુમનર
મનપમનડેમનમામનરું મનજીમનવમનનમનહોમનમીમનદે
મનવામનમાંમનઅમનચમનકામનઇમનશમનનમનહીંમનબો
મનલોમનજિમનનમનશામનસમનનમનનો
મનજમનયમનહોમનવિમનજમનયમનહો.

# મહાવીરનું શાસન
# ગાજે છે



**સમય મર્યાદા 20 મિનિટ** **ગુણાંક 20**

**પ્રશ્ન 1 અહીં પ્રભુ વીર સંબંધી કેટલાક નામો આપ્યા છે. તેમાંથી 20 નામની અંતાક્ષરી બને તેમ છે. (10)**

**એટલે કે આગલા નામના છેલ્લા અક્ષરની બારાખડીથી બીજું નામ શરુ થાય છે. અંતાક્ષરી શરુ કરવા પ્રથમ નામ રાઉન્ડમાં મૂકેલ છે. તમે હવે આગળ વધો. ય નો અ થઇ શકશે.**

| | | | | |
|---|---|---|---|---|
| **મહાવીર** | વર્ધમાન | દેવાનંદા | સિદ્ધાર્થ | સૌધર્મેન્દ્ર |
| મહાશતક | ચંદનબાલા | રાજગૃહી | કામદેવ | દેવદૂષ્ય |
| શાલિભદ્ર | ગૌતમ | જમાલિ | ત્રિશલા | સમવસરણ |
| લચ્છવાડ | ચંડકૌશિક | હાલિક | શૂલપાણિ | વૈશાલી |
| અગ્નિભૂતિ | કોણિક | પ્રિયદર્શના | પાવાપુરી | સ્વપ્નપાઠક |
| સુદર્શના | નયસાર | કટપૂતના | દ્વાદશાંગી | આમલકી |
| નાલંદા | શ્રેણિક | શાલિભદ્ર | નંદન | સંગમ |
| યશોદા | રોહિણીયો | નંદિવર્ધન | ઋજુવાલિકા | ચેડા |

**પ્રશ્ન 2. ઇતિહાસનું પાનું બોલે છે. (5)**

1. ‘જિનની ભક્તિ કરતાં જિન બની જશો’ એ પંક્તિને સાર્થક કરનાર રાજા.....હતા. (ચેડા, સિદ્ધાર્થ, શ્રેણિક)
2. પ્રભુવીરે તીર્થંકર નામકર્મ.....ના ભવમાં બાંધ્યું હતું. (નયસાર, નંદન, કામદેવ)
3. મારે ભગવાન સાથે ત્રણ સગાઇ હતી. (ગૌતમ, સિદ્ધાર્થ, જમાલિ)



4. પ્રભુવીરનો જન્મ........માં થયો હતો. (પાવાપુરી, ક્ષત્રિયકુંડ, વૈશાલી)
5. પ્રભુવીરે સત્ય પણ કઠોરતાથી બોલવા બદલ.....શ્રાવકને પોતાના ધર્મપત્નીને મિચ્છા મિ દુક્કડં દેવા જણાવ્યું હતું. (મહાશતક, કામદેવ, શ્રેણિક)

**પ્રશ્ન. 3 સાંકેતિક ભાષામાં લખાયેલ ફકરાનું સાદી ભાષામાં રુપાંતર કરો. (5)**

તકજેતાકજિતકાનતિકશાતકિસતીકનતકીસતુકમતકુગ્ર-તૂકવિતકૂશ્વતેકનોતકેઆતૈકધા તકૈરતોકછેતકોપ્રાતૌકણત-કૌછે તંકપ્રતકંકાતઃકશતકઃ છે

તકજેતાકજિતકાનતિકશાતકિસ તીકનતકીસતુકમતકુગ્રતૂકવિ-તકૂશ્વતેકને તકેકતૈકલ્યાતકૈણતોકકતકોરતૌકહિતકૌતતંકકત-કંર તઃકશ્રેતકઃયતકસ્કતકરતકાછે તિકજેતકિજિતીકનતકીશા તુકસતકુનતૂકજ્ઞાતકૂનતેકવિતકેજ્ઞાતોકનતકોનીતૌકત તકૌમાતંકમતકંશાતઃકખાતકઃઓતકનુંતાકઉતકાદ્ગતિકમ તકિસ્થા તીકનતકીછે તુકતેતકુજિતૂકનતકૂશાતેકસતકેનતૈકને તકૈમાતોકરાતકોક્રોતૌકડોતકૌવં તંકદતકંન તઃકહુંતકઃએ તકજિતાકનતકાશાતિકસતકિન તીકનેતકીમાતુકરાતકુઅં તૂકતિતક્રમતેકશ્વાતકેસતૈકસુતકૈધીતોકવતકોફાતૌકદાતકૌર તંકરતકંહીતઃકશ તકઃજિતકનતાકશાતકાસતિકનતકિનેતીકવં તકીદતુકન તકુકતૂકરતકૂતાતેકઆ તકેનંતૈકદતકૈઅતોકતિતકોઉ તૌકભતકૌરાતંકયેતકંએતઃકનીતકઃરતકક્ષાતાકક તકારતિકવા તકિકાતીકજેતકીજીતુકવતકુનતૂકઅતકર્પતેકણતકેકતૈકરીતકૈએ....

# જૈનં જયતિ શાસનમ્



**સમય મર્યાદા 20 મિનિટ** **ગુણાંક 20**

આપણા શાસનપતિ ચોવીસમાં તીર્થંકર મહાવીર સ્વામિ ભગવાન ઇ.સં. પૂર્વ 542ના વર્ષે ચૈત્ર સુદિ 13 ના દિવસે ક્ષત્રિયકુંડ નગરના રાજા સિદ્ધાર્થના પટરાણી ત્રિશલાદેવીની કુક્ષિએ અવતર્યા. 30 વર્ષ ઘરવાસમાં રહી 9 લોકાંતિક દેવોની વિનંતિથી 1 વર્ષ સુધી રોજ સૂર્યોદયથી મધ્યાહ્ન સુધી 1 ક્રોડ આઠ લાખ સોનામહોરનું, આમ કુલ 388 ક્રોડ 80 લાખ સોનામહોરનું દાન કરી કા.વ. 10ના દિવસે ચારિત્ર લીધું. ચારિત્રના સાડાબાર વર્ષના સાધનાકાળમાં ઘોર તપશ્ચર્યા કરી જે નીચે પ્રમાણે છે.

| તપ | છમાસી | પાંચ દિવસ ન્યૂન છ માસી | ચાર માસી | ત્રણ માસી | અઢી માસી | બે માસી | દોઢ માસી |
|---|---|---|---|---|---|---|---|
| સંખ્યા | 1 | 1 | 9 | 2 | 2 | 6 | 2 |

| માસક્ષમણ | 15 ઉપ. | ત્રણ પ્રતિમા | છઠ્ઠ | અટ્ઠમ | દીક્ષા દિન |
|---|---|---|---|---|---|
| 12 | 72 | 16 દિ. | 229 | 12 | 1 |

તમામ તપ ચોવિહાર કરેલ. પારણાના દિવસ 349 જ હતા. આમ 12 વર્ષ, છ મહિના 15 દિવસ ચારિત્ર પાળી વૈ.સુ. 10ના દિવસે સંધ્યાસમયે સાલવૃક્ષની નીચે ઋજુવાલિકા નદીના કિનારે ભગવાનને કેવળજ્ઞાન ઉત્પન્ન થયું. વૈ.સુ. 11 ના દિવસે ભગવાને ચતુર્વિધસંઘની સ્થાપનાપૂર્વક શાસન-સ્થાપના કરી. તે દિવસે 11 બ્રાહ્મણોને પ્રતિબોધ કરી તેમના અનુયાયીઓ સાથે દીક્ષા આપી. જે નીચે પ્રમાણે છે.

| નામ | ઇન્દ્રભૂતિ | અગ્નિભૂતિ | વાયુભૂતિ | વ્યક્ત | સુધર્મા | મંડિત |
|---|---|---|---|---|---|---|
| પરિવાર | 500 | 500 | 500 | 500 | 500 | 350 |

| મૌર્યપુત્ર | અકંપિત | અચલભ્રાતા | મેતાર્ય | પ્રભાસ |
|---|---|---|---|---|
| 350 | 300 | 300 | 300 | 300 |

ત્યારથી પરમાત્મા રોજ બે વખત 7 કલાક દેશના આપતા હતા. 30 વર્ષ સુધી આ રીતે વિશ્વ ઉપર ઉપકારો કરી અનેક લોકોને ધર્મમાં પ્રતિ-બોધ્યા. ભગવાનનો પરિવાર આ પ્રમાણે હતો.



| સાધુ | સાધ્વી | શ્રાવક | શ્રાવિકા | અવધિજ્ઞાની |
|---|---|---|---|---|
| 14,000 | 36,000 | 1,59,000 | 3,18,000 | 1,300 |

| વિપુલમતિ | વાદલબ્ધિ | કેવળજ્ઞાની | 14 પૂર્વી | વૈક્રિય લબ્ધિધર |
|---|---|---|---|---|
| 500 | 400 | 700 | 300 | 700 |

સાધુસિદ્ધ-700 સાધ્વીસિદ્ધ 1400...ગૌતમસ્વામિ આદિ સાધુ, ચંદનબાળા આદિ સાધ્વીજી, આનંદ-કામદેવાદિ શ્રાવક અને સુલસા-રેવતી આદિ શ્રાવિકાઓ ભગવાનના માર્ગમાં જોડાયા. તે સિવાય શ્રેણિક મહારાજા આદિ સમ્યગ્દર્શન પામ્યા. ભગવાને દેશનામાં વિજ્ઞાનની તમામ શાખાઓ, ગણિત, ઇતિહાસ, સમાજવિદ્યા આદિ જ્ઞાનની તમામ શાખાઓ, ધર્મ, અધ્યાત્મ, તર્ક, દર્શનશાસ્ત્ર (ફિલોસોફી) આદિ તમામ ક્ષેત્રોને આવરી લીધા. કરોડો કથાઓ, સત્યપ્રસંગો પ્રભુએ કહ્યા. છેલ્લે સળંગ 48 કલાક દેશના આપી દિવાળીના દિવસે સર્વકર્મનો ક્ષય કરી નિર્વાણપદને પામ્યા. સિદ્ધિપદ પામ્યા. પ્રભુએ સ્થાપેલું શાસન 21,000 વર્ષ સુધી વિશ્વને સાચામાર્ગની ઓળખ આપતું રહેશે. દુપ્પસહસૂરિ આચાર્ય, ફલ્ગુશ્રી સાધ્વીજી, નાગિલ શ્રાવક અને સત્યશ્રી શ્રાવિકા પાંચમા આરાના છેડે જિનશાસનની જયપતાકા લહે-રાવશે...

ઉપરની માહિતીના આધારે જ પૂછાયેલ પ્રશ્નોના પ્રત્યુત્તર આપવા.

(1 વર્ષ = 360 દિવસ, 1 માસ = 30 દિવસ)

1. કેવળજ્ઞાનપ્રાપ્તિના 23મા વર્ષની વૈ.સુ. 11 થી 11 મા દિવસની સાંજે પરમાત્મા કેટલામી દેશના આપતા હશે ?
2. પરમાત્માએ 240મા દિવસના સૂર્યોદય સુધીમાં કેટલી સોનામહોરનું વર્ષીદાન આપ્યું હશે ?
3. શાસનસ્થાપનાના દિવસે કેટલા આત્માઓ દીક્ષા લઇ સાધુ બન્યા ?
4. અમારા બે ના શિષ્યોની સંખ્યાના સરવાળા જેટલા ભગવાનના કેવળ-જ્ઞાની સાધુઓ હતા.
5. ભગવાનના સાધનાકાળમાં છઠ્ઠ-અટ્ઠમ બાદ કરતાં કેટલા ઉપવાસ થાય ?

6. કેવળજ્ઞાની સાધ્વીજીને બાદ કરતા બચેલ સાધ્વીજી ભગવંતોની સંખ્યા કેવળજ્ઞાની સાધુઓને બાદ કરતા રહેલ સાધુ ભગવંતોથી કેટલા ગણી વધુ હતી ?

7. અમારા ચારનો સરવાળો ભગવાનના ચાર માસી તપના કુલ ઉપવાસ જેટલો હતો.

8. પ્રભુના ગણધરોમાં એક જ રાશિના સૌથી વધુ ગણધરો હતા. તો તે રાશિનું નામ અને તેમના શિષ્યની સંખ્યાનો કુલ સરવાળો જણાવો.

9. પરમાત્માના પરિવારમાં કેટલા શ્રાવક દીઠ એક સાધુ, અને કેટલા શ્રાવિકા દીઠ એક સાધ્વીજી ભગવંત થયા હતા ?


10. પરમાત્માએ જીવનકાળમાં કેટલા કલાક દેશના આપી (29।। વર્ષ ગણીએ તો) ?



# બુદ્ધિની કસોટી

**સમય મર્યાદા 20 મિનિટ**

**ગુણાંક 20**



**પ્રશ્ન 1. આપેલ સંકેત પરથી એક તીર્થનું નામ જણાવો. (5)**

(1) અગ્નિનો ભાર (2) અવસરનો લાભ લઇ લો.

(3) ચા દેવીનું સ્વરુપ (4) આ કેવી ગંધ આવે છે ?

(5) ગરમ ગરમ

**પ્રશ્ન 2. નીચેના દરેક પ્રશ્નમાં સમાન જ્ઞાતિના શબ્દોની સરસ પંગત બેઠી છે. તેમાં અન્ય જ્ઞાતિનો એક શબ્દ ઘૂસી ગયો છે તે ઘૂસણખોરને શોધી આંક લખો. (5)**

(1) (1) નેમનાથ (2) પાર્શ્વનાથ (3) મહાવીર સ્વામી (4) વાસુ-પૂજ્ય સ્વામી

(2) (1) પાલનપુર (2) રાધનપુર (3) રાજપુર (4) ભોજપુર

(3) (1) પુષ્પ (2) ધૂપ (3) દીપ (4) ચામર

(4) (1) ગાય (2) ભેંસ (3) બળદ (4) વાછરડો

(5) (1) જ્ઞાનાવરણીય (2) દર્શનાવરણીય (3) વેદનીય (4) મોહનીય

**પ્રશ્ન 3. એક તોફાની છોકરાએ કેટલાક સુપ્રસિદ્ધ સ્તવન, ગીત કે સ્તુતિની પ્રથમ કે અંતિમ કડીઓના અક્ષરોને આડાઅવળા કરી નાખ્યા છે તો તે પંક્તિ શોધો. (5)**

(1) મિ ર ગ ત મા જ ણ તુ અં રે ત્રિ સુ અ સ ર જા હિ વે મ મા રો લ

(2) પ્ર લે રા પ જી મા ઇ હિ મે ન વા લ ભુ વ લે પ સે સ લ હ રે તે તું.

(3) ની તા જો કા શ્વા દા ઇ હ ન વિ ર ના ક્તિ ત દે હો મ ક મ સ મેં શ ના

(4) બ ધ ડ ળી ગ્નિ સ લો અ ભ ર્પ સ્યો ને થી ળ ક્રો વ્યો મ હું

(5) ભા ધી શે ના ળ ન વા ગો સુ ઝ જ ળા વ યુ ળ હ ભુ નુ

**પ્રશ્ન 4 નીચે આપેલ ચોકઠાના અક્ષરોનો ઉપયોગ કરી આડી, ઊભી કે ત્રાંસી લીટીમાં શબ્દો બનાવો. એક અક્ષરનો ઉપયોગ અનેકવાર કરી શકાશે. કુલ 30 શબ્દો શોધો.** **(5)**

| | | |
|---|---|---|
| પા | ર | સ |
| લ | મ | ગ |
| ન | જ | ર |

# બુદ્ધિની ઉછળ કૂદ



**સમય મર્યાદા 20 મિનિટ**

**ગુણાંક 20**

**પ્રશ્ન 1 આપેલ સંકેત પરથી શબ્દ શોધો. કૌસમાં આપેલ આંકડો અક્ષર સંખ્યા સૂચવે છે. (10)**

| | | | | |
|---|---|---|---|---|
| ૧ | ૨ | | | ૩ |
| ૪ | | | | ૫ |
| | ૬ | | ૭ | |
| ૮ | | | ૯ | |

**આડી ચાવી**

(1) શત્રુંજયનો જેમણે જીર્ણોદ્ધાર કર્યો હતો. (3)
(2) જે વૃક્ષ નીચે ઋષભદેવ ભગવાનને કેવલજ્ઞાન થયું હતું. (2)
(4) ભગવાન અર્થને સૂચવતો શબ્દ (5)
(6) દક્ષિણ ગુજરાતમાં આવેલું તીર્થ (2)
(7) સત્તાસૂચક શબ્દ (2)
(8) જીવિતસ્વામિની પ્રતિમા ધરાવતું તીર્થ (2)
(9) આત્મામાં રહેલ પવિત્રતાને સૂચવતો શબ્દ (2)

**ઊભી ચાવી**

(1) હાથમાં માળા ફેરવી કરાય તે (2)
(2) રાજસ્થાનમાં આવેલું પ્રસિદ્ધ તીર્થ (4)
(3) ચોવીશ તીર્થંકરમાંના એક (2)
(4) ભૂતકાળમાં આ શહેરને પાટલીપુત્ર તરીકે ઓળખવામાં આવતું હતું. (3)



(5) ભગવાનની દેશના માટે બનાવવામાં આવતા ત્રણ ગઢમાંનો એક ગઢનો પ્રકાર (3)
(7) દર શાશ્વતી ઓળીમાં વંચાતો એક કાવ્ય પ્રકાર (2)

**પ્રશ્ન 2. મને ઓળખો. (5)**

1) મારા પતિની બીજી પત્નીની દીકરીના દાદાની પુત્રવધૂનો પુત્ર સુંદરીનો ભાઇ છે તો હું કોણ ?
2) મારા દાદીના પુત્રના પિતાના બેનના પતિના સૌથી નાના ભત્રીજાના વેવાઇનો જમાઇ કૃષ્ણ છે તો હું કોણ ?
3) રામની માતાના ભાઇના સસરાની પુત્રીની નણંદના સસરાની ત્રીજી પુત્રવધૂનો દીકરો કોણ (જૈન રામાયણ પ્રમાણે) ?
4) મારી મમ્મીના ફુઇની દીકરીનો ભાઇ પ્રભુવીર છે તો મારી અને વીર વચ્ચે ક્યો સંબંધ થાય ?
5) ઉત્તરથી વિરુદ્ધની દિશાથી આથમણી દિશામાં જતા વચ્ચે આવતી વિદિશાની સામે આવતી વિદિશાની સન્મુખ ઊભા રહેતા જમણા હાથે કઇ દિશા આવે ?

**પ્રશ્ન 3. લોંગ-શોર્ટ આન્સર...લાંબી પ્રક્રિયાના અંતે આવતો નાનકડો જવાબ આપો. (5)**


1) રિતિક શ્રી કલીકુંડ પાર્શ્વનાથ ભગવાનના દેરાસરથી 5 કિ.મી. પૂર્વમાં ગયો. ત્યાંથી 10.5 કી.મી. પશ્ચિમમાં, ત્યાંથી 13.5 કિ.મી. દક્ષિણમાં, ત્યાંથી 11 કિ.મી. પૂર્વમાં, ત્યાંથી 7 કિ.મી. ઉત્તરમાં, ત્યાંથી 14 કિ.મી. પશ્ચિમમાં ત્યાંથી 16 કિ.મી. ઉત્તરમાં જઇ છેલ્લે પૂર્વમાં 3 કિ.મી. ચાલ્યો તો અત્યારની તેની ઉપસ્થિતિથી કઇ દિશામાં કેટલું દૂર શ્રી કલિકુંડ દાદાનું જિનાલય હશે ?
2) પાર્થિવ શ્રી કલિકુંડ પાર્શ્વનાથ જિનાલયથી 5.5 મીટરના અંતરથી પહેલી પ્રદક્ષિણા ફરે છે, 7.5 મીટરના અંતરથી બીજા પ્રદક્ષિણા ફરે છે અને 9.5 મીટરના અંતરથી ત્રીજી પ્રદક્ષિણા ફરે છે તો પ્રથમ અને તૃતીય પ્રદક્ષિણા વચ્ચેના અંતરનું ક્ષેત્રફળ કેટલું ?

# બુદ્ધિનું બેરોમીટર





**સમય મર્યાદા 20 મિનિટ** **ગુણાંક 20**




# પ્રભુ ઋષભનો પરિવાર

**નંબર પ્રમાણે શ્રી આદીશ્વર પરમાત્માના સંબંધીઓને મળો.**

**દા.ત.** (1) 1367 = _____ આદીશ્વર

(2) 904 = ____________

(3) 867385 = ____________

(4) 25890 = ____________

(5) 470 = ____________

(6) 2178 = ____________

(7) 125 = ____________



(8) 0949 = ____________

(9) 4012 = ____________

(10) 47953 = ____________

(11) 2806 = ____________

(12) 14682 = ____________

(13) 304 = ____________

(14) 35698 = ____________

(15) 7925 = ____________

(16) 7156 = ____________

(17) 350 = ____________


(18) 46 = ____________

(19) 931 = ____________

(20) 1637 = ____________

(21) 28 = ____________

# ઢુંઢતે રહ જાઓગે



**સમય મર્યાદા 20 મિનિટ** **ગુણાંક 20**

## મોકાની જગ્યા, કિફાયતી ભાવ

## વ્યક્તિત્વને ચમકાવતા સ્વપ્નલોક સમા આવાસ માટે મળો...

**મજબૂતાઇની ગેરંટી :**

1) દેવલોકનો દેવતા પણ તમને આ ઘરમાંથી કાઢી નહીં શકે.

2) મીનીમમ 10,000 વર્ષ અને મેક્સીમમ 1 કે 3 સાગરોપમ સુધી ધરતીકંપ, પૂર કે વાવાઝોડા સામે પણ સલામતીની ગેરંટી...

3) ગેરંટી પિરિયડ પછી પણ જીર્ણ થયેલા ઘરની સામે ફરી નવું ઘર - તમારી ઇચ્છા મુજબ બનાવી આપવાની ગેરંટી...

**કાયમી આકર્ષણો :**

1) ચોવીસે કલાક પીવા માટે ઉકળતું લોહી, તપાવેલું સીસુ આદિની સુવિધા...

2) નહાવા માટે લોહી, પરુ, ચરબી, તપેલું સીસું, મડદા વગેરેના અતિ-દુર્ગંધી સ્વીમીંગ પુલ.

3) આવાસની આસપાસ અણીદાર પાંદડાવાળા વૃક્ષોનું વિરાટ ઉદ્યાન.

4) કાશ્મીરની ખીણની બર્ફીલી હવા કરતા અધિક શીતળતાદાયક એરકંડિશનર તથા ટાટાની ભઠ્ઠીને શરમાવે તેવા હીટરની સગવડ મળશે.

5) સતત આસપાસ ચિચિયારી, ગર્જના અને ત્રાડોનું સંગીત તથા કાકલૂદી, આજીજી અને રિબામણભર્યા રુદનના ગીતો પીરસાતા રહેશે.

6) આગજની કે કાપાકાપીથી સળગેલું કે ભેદાયેલું છતાં ભેગું થઇ જતું મેજીક બોડી ભેટ મળશે.



7) અકલ્પનીય, રુવાંડા ખડા કરી દે તેવા હોરર દ્રશ્યોની ભરમાર તથા ઇચ્છા મુજબ ઉત્પન્ન કરી શકાય તેવા શરીર અને શસ્ત્રોની અપૂર્વ વ્યવસ્થા...

**પ્લેસમેન્ટ :**

અમારી 7 સાઇટમાંથી બે સાઇટ પર રેડી પઝેશનવાળા પાંચ-પાંચ એમ કુલ દશ આવાસો નીચેની શરતે વેચવાના છે. એક જ વ્યક્તિ બે આવાસની યોગ્યતા ધરાવશે તો બેમાંથી પાછળનો આવાસ આપવામાં આવશે. વધારાની પાત્રતા માટે આકર્ષણોમાં બોનસ અપાશે. (% મુજબ) શરતોની કલમોમાંથી કોઇ પણ એક કલમ લાગુ પડે તે જરુરી છે.

**કંડીશન્સ :**

1) પોતાના અતિશય ક્રોધ, ક્રૂરતા અને કઠોરતાથી દિવસમાં 10 વાર ત્રાસનું વાતાવરણ ફેલાવનાર મહાનુભાવને 5 લાખ ડિગ્રી ગરમીવાળા હિટરયુક્ત પ્રથમ આવાસ સાથે 50 બોડી કિલર પરમાધામીઓ સતત શસ્ત્ર આદિના ઘોંચપરોણા કરી એ પૂર્વની ત્રાસદાયક વાતો યાદ કરાવતા રહેવાનું સેક્રેટરી કાર્ય કરશે.

2) દિવસમાં 50 વાર જૂઠ બોલનાર અથવા 25 ગાળો બોલનાર અથવા 5 વાર ઝઘડા કરનાર મહાનુભાવને દ્વિતીય આવાસ સહ જીભ પર કરવત ફેરવી, ધગધગતું સીસું પીવડાવી 10 વાર ઓપરેશન કરી આપનાર પરમાધામી હોસ્પિટલનું આજીવન સભ્યપદ મફત આપવામાં આવશે.

3) રોજ રાત્રે ખાનાર અથવા મહિનામાં 10 વાર કોલ્ડ્રિંક્સ-આઇસ્ક્રીમ આરોગનાર અથવા 6 વાર હોટલ લારી-ગલ્લાનું અભક્ષ્ય ખાનાર મહાનુભાવને તૃતીય આવાસ સહ પોતાના જ માંસ-લોહીની વાનગીઓનું ઉત્પાદન અને વેચાણ કરતી હોટ ચોટ લિ. કંપનીની ફ્રેન્ચાઇઝી આપવામાં આવશે.

4) બ્લુ ફિલ્મ અથવા વલ્ગર એમએમએસ, એમએમએસ, ઇન્ટરનેટની વેબસાઇટો, ફોટાઓ અથવા પિક્ચરો, સિરિયલો આદિને દિવસમાં 3 થી 4 કલાક જોયા કરનાર, પરયુવતી કે પરસ્ત્રી સાથે રસ્તા પર કે

બગીચામાં કે હોટલ પર અથવા ફોન પર 1 થી 2 કલાક વાત કરનાર અથવા મનમાં 3 થી 4 કલાક તે અંગેની યોજનાઓ ઘડે રાખનાર વ્યક્તિને ચોથા આવાસ સાથે તપીને લાલચોળ થયેલ લોખંડની પૂતળી સાથેના દિલધડક પ્રણયદ્રશ્યોવાળી થ્રીલર કે ટ્રેજેડી મલ્ટિસ્ટારર ફિલ્મમાં 2 વખત લીડીંગ રોલ ઓફર કરાશે.

5) વર્ષમાં 100 વખત શેરોની ઉથલ પાથલ કરનાર અથવા ખોટા નામે 10 બેંક એકાઉન્ટ કે 25 ડિમેટ એકાઉન્ટ આદિ ધરાવનાર, હિંસાથી ભરપૂર યંત્રો, કેમિકલ્સ, લોખંડ, ધાતુઓ આદિના સાત ધંધા એક સાથે ચલાવનાર અતિલોભી મહાનુભાવને પાંચમાં આવાસ સાથે પાંચ ભારેખમ કાયાવાળા રાક્ષસોના રથ ખેંચવાનો સ્ટ્રેસ ટેસ્ટ 3 વાર કરી આપનાર અને શરીરને કાપી છોલી-ટુકડા કરી નવા જેવું 10 વાર બનાવી આપનાર જિમ્નેશિયમની ભેટ અપાશે.

6) મહિનામાં 25 વાર હિંસક કોસ્મેટીકસ વાપરનાર અથવા લેધર બેલ્ટ, લેધર વેર અને લેધર શૂઝ પહેરનાર કે હિંસક વિડીયોગેમ્સ 3-4 કલાક રમ્યા કરનાર કે મનમાં વારંવાર હિંસક વિચારો કરનારને તલવાર, કરવત આદિથી પોતાના શરીરમાંથી જ લોહીની નદી વહેવડાવી બીજાને પાંચ વાર પીવડાવવાનો કરતબ શીખડાવવા સાથે છઠ્ઠો આવાસ આપવામાં આવશે.

7) મહિનામાં સ્વાર્થભાવપૂર્વક બીજાને નુકશાન કરીને જાતનું સાચવી લેવાના 15 પ્રસંગો કે ઇર્ષ્યાના 25 પ્રસંગો કે નિંદાના 100 પ્રસંગો કે ચાડી-ચુગલી અને દોષારોપણના 10 પ્રસંગો આદિ કરનારને એક્યુપંકચરની સારવાર આપતી 10 કાંટાની પથારી, તીક્ષ્ણ ચાંચ-વાળા પંખીઓના 100 પાંજરા તથા પોતાની જ જીભ કાપીને બના-વવાની ચટાકેદાર ૫ વાનગીની રેસિપીની ભેટ સહ સાતમો આવાસ અપાશે.

8) 5 વખત સ્કુલ-કોલેજના અભ્યાસમાં દિલચોરી કે ઓફિસમાં કામ-ચોરી કે સરકારના ટેક્ષની ચોરી કે શાકવાળા-ખુમચાવાળા આદિને ત્યાંથી માલની ચોરી અથવા 5 વખત ઉઘરાણી ચૂકવવામાં સમય



લંબાવવો કે ઉઘરાણી કઢાવવા ધાકધમકી આપવી આદિ કરનાર મહા-નુભાવને 25 વખત કુંભીપાકનો સ્ટિમ બાથ આપી વિવિધ શસ્ત્રોના રેઝર ફેરવી. મરી-મસાલાની પેસ્ટ લગાવી, ઉકળતા તેલની કડાઇમાં તળવા દ્વારા બ્યુટી ટ્રિટમેન્ટ કરનાર બ્યુટી પાર્લરના સભ્યપદ સહ આઠમો આવાસ અપાશે.

**સાવધાની :**

1. ભૂલે-ચુકે દયા-દાન-તપ આત્મચિંતન આદિથી યુક્ત જૈન ધર્મ કે ત્યાગી-વૈરાગી જૈન ધર્મગુરુનો પડછાયો પણ ન લેવો. નહિંતર બુકીંગ રદ કરવામાં આવશે.

2. સદ્વાંચન-વિચાર-આચારનો પ્રસાર કરતી શિબિરો, પાઠશાળાઓ તથા કલ્યાણ મિત્રોથી સેફ ડીસ્ટન્સ રાખવું. ઉપરની શરતોને આધીન આવાસોની યોજનામાં 2007/2008 દરમ્યાન સાહિલ, મંજિલ, પંકિલ, અંકુર, મિતેશ, સની, કોમલ, જિતેશ, કંઠીલ, કોકીલાબેન આદિએ આવાસ માટે બુકીંગ કરાવ્યું છે તો ક્યા આવાસ કેટલા ઇન્સે-ન્ટીવ સાથે મળશે તે જણાવો.

   1. મંઝીલને જુઠું બોલવાની ટેવ છે, તે દિવસમાં 100 વખત જુઠું બોલે છે અને મહિનામાં 20 કોલ્ડ્રીંકસ પીવે છે તો તેને ક્યો આવાસ આપવો ઉચિત ગણાશે ?

   2. પંકિલના મનમાં ધીરુભાઇ અંબાણી બનવાના સ્વપ્ના છે. તેથી તે વર્ષમાં 10,000 વખત શેરોની ઉથલપાથલ કરે છે અને બેંક બેલેન્સ તગડું બનાવે છે. તેના માટે ખોટા નામે 20 બેંક એકા-ઉન્ટ રાખ્યા છે તો કેટલા ઇન્સેન્ટીવ સાથે ક્યો આવાસ મળશે ?

   3. અંકુર રુપનો અભિમાની અને ફેશન ક્રેઝી છે. જલસાવૃત્તિને પોષવા મહિનામાં 4 કલાકવાળી 2 ફિલ્મ જુએ છે. એક ગર્લફ્રેન્ડ સાથે રોજ રસ્તા પર બે કલાક ગપ્પા મારે છે અને બીજી સાથે 1 કલાક ખપાવે છે. આવું મહિના સુધી ચાલે છે. જો માત્ર ગર્લ-ફ્રેન્ડ સાથે રસ્તા પર ઊભા રહેવાની બાબતને જ ધ્યાનમાં લેવામાં આવે તો ક્યો આવાસ ક્યા ઇન્સેન્ટીવ સાથે મળે ?

4. મિતેશ અને સનીનું છઠ્ઠા આવાસ માટે બુકિંગ કરવામાં આવેલ. ત્યારબાદ અનુકૂળતા હોવા છતાં લેણદારોની લેણી રકમ ચૂકવવામાં 5 વર્ષ લંબાવ્યા અને તે માટે પોતાના માણસો દ્વારા અનેક જુઠ્ઠાણા ચલાવ્યા તો તેમને ક્યો આવાસ આપવો ઉચિત છે ?
5. કોમલની પરીક્ષા 20-02-12ના પૂર્ણ થઇ અને 20-03-12થી સ્કુલનું નવું વર્ષ શરુ થયું. વેકેશનમાં તે રોજ 4 કલાક હિંસક વિડીયોગેમ રમતી હતી. તો તે કુલ કેટલા કલાક હિંસક વિડીયોગેમ રમી ? 240 મિનિટે તેનામાંથી 5 વખત લોહી કાઢી પીવડાવવામાં આવે તો તેના શરીરમાંથી કુલ કેટલી વખત લોહીની નદી વહેવડાવામાં આવે ?
6. જિતેશ દિવસમાં 3 વખત ઓફિસની કામચોરી કરે છે અને મહિનામાં 30 વખત હિંસક કોસ્મેટીકસ વાપરે છે તો તેમને ક્યો આવાસ કઇ સગવડ સાથે આપવો ઉચિત ગણાય ?
7. કોકિલાબેનને પોતાના સાસુ અને નણંદ સાથે જરાય જામતું નથી (Courtesy ! ક્યોંકિ સાસ ભી કભી બહુ થી...) તેથી બધે વગોવણી કર્યા કરે છે. આ મહિનાના ક્રમશઃ 4 અઠવાડિયામાં 100 વખત, 150 વખત, 129 વખત અને 121 વખત સાસુ નણંદની નિંદા કરી અને મહિના સુધી રોજ 1 વખત તો નણંદ પર ખોટું આળ ચઢાવે જ છે તો ક્યો આવાસ કેટલા બોનસ સાથે આપવો જોઇએ ?
8. સાહિલે 7માં આવાસનું બુકીંગ 1 સાગરોપમ + 70 લાખ પૂર્વ (1 પૂર્વ = 70, 560 અબજ વર્ષ) + 999 વર્ષ માટે નોંધાવ્યું હતું પરંતુ વચ્ચેના સમયગાળામાં તેણે તે પાપોનું ગુરુ મહારાજ પાસે કન્ફેશન ઉપરછલ્લા ભાવે કર્યું તેથી તેના બુકીંગમાંથી 70, 560 વર્ષ કાઢી નખાવ્યા તો હવે તે આવાસ કેટલા સમય માટે તેને મળશે ?



9. કંઠિલે મહિનામાં 10 વખત ત્રાસનું વાતાવરણ ઘરમાં ફેલાવી પ્રથમ આવાસનું 9,97,96,959 વર્ષ, 3929 મહિના અને 73 દિવસ માટે બુકીંગ કરાવ્યું. પછી શિબિરમાં જતા મા-બાપનો ઉપકાર સમજાતા ક્રોધ, અવિનય દૂર થયો. તેથી 9,96,98,979 વર્ષ + 11,79,689 મહિના બુકીંગ રદ કર્યું છે તો હવે પ્રથમ આવાસમાં કેટલો સમય રહી શકે તે સંભાવના વર્ષમાં જણાવો. (અહીં 1 વર્ષ = 365 દિવસ લેવા).
10. આવેશમાં આવી કુમારે અતિક્રોધપૂર્વક બાપ પર હાથ ઉઠાવ્યો અને ચાર સાગરોપમ સુધીના બુકીંગની પાત્રતા ઊભી કરી અને તેના પિતાજીએ ક્ષણિક ક્રોધ કરી 9,999 વર્ષના બુકીંગની ક્ષમતા ઉભી કરી તો કોને ક્યો આવાસ ક્યા બોનસ સાથે મળશે ?

# ચાલો, શેરબજારની સફરે...




**સમય મર્યાદા 45 મિનિટ** **ગુણાંક 20**

**નીચેની વિગત ધ્યાનથી વાંચો અને તેના આધારે પૂછાયેલા પ્રશ્નોના ઉત્તર આપો.**

પુરુષાદાનીય શ્રી પાર્શ્વનાથ પરમાત્માના ચરિત્રમાં આવતી એક સુંદર મજાની ઘટના છે. મહારાષ્ટ્રના હેલ્લુર ગામમાં રહેતો અશોક માળી બજારમાં ફૂલો વેચી ઘરે પાછા ફરતા એક ગૃહ જિનાલયમાં દર્શનાર્થે પ્રવેશ્યો અને પ્રભુના દર્શનથી ભાવોલ્લાસ અતિ વધી જતા કરંડિયામાં હાથ નાખતા આવેલા 9 ફુલો પ્રભુજીને અતિભક્તિભાવે ચડાવ્યા. તેના પ્રભાવથી ક્રમશઃ 9 ભવમાં અત્યંત ભૌતિક વિકાસ સાધ્યો...જોઇ લઇએ તેની વિગતો-

| ભવ નં. | નગરનું નામ | કલ્પનાની પાંખે કાળ | ભૌતિક ઐશ્વર્ય | વિશેષ વિગત |
|---|---|---|---|---|
| 1. હેલ્લુર | 25 વર્ષ | - | - | અશોક માળી |
| 2. એલપુર | 40 વર્ષ | 9 લાખ દ્રમ્મ | | |
| 3 એલપુર | 35 વર્ષ | 9 કરોડ દ્રમ્મ | | |
| 4 સ્વર્ણ પથ | 30 વર્ષ | 9 લાખ સોનામહોર | | 1 સોનામહોર=1000 રૂ. |
| 5. સ્વર્ણપથ | 40 વર્ષ | 9 કરોડ સોનામહોર | | |
| 6 રત્નપુર | 25 વર્ષ | 9 લાખ રત્નો | | 1 રત્ન =1 લાખ રૂ. |
| 7. રત્નપુર | 30 વર્ષ | 9 કરોડ રત્નો | | |
| 8 વાટિકાપુરી (વલ્લભરાજાનાં પુત્ર) | 45 વર્ષ | 9 લાખ ગામનો ધણી, | | 1 ગામની વાર્ષિક આવક 50 લાખ રૂ. |
| 9. | 30 વર્ષ | 9 નિધિનો સ્વામી રાજા | | અસંખ્ય |



પછી દીક્ષા, અનુત્તર દેવલોક ત્યાંથી ચ્યવી મનુષ્ય થઇ સાધના કરી મોક્ષે જશે.

પ્રથમ ભવની કમાણી ગણી જ નથી. પછીના ભવોની કમાણીમાં ઉત્તરોત્તર થતો ઉમેરો આદિની ગણના નથી કરી, માત્ર સ્થિર જ આવક ગણીને ન્યુનતમ પ્રમાણ પર તેને રાખ્યું છે. વર્ષની ગણના પોતાના હાથમાં માલિકી આવ્યા બાદના તથા પુત્રાદિને વારસો સોંપ્યા તેની વચ્ચેના સમયના જ ગણ્યા છે. સરખામણી માટે તેને પણ ન્યુનતમ રાખ્યા છે.

સામે પક્ષે કોઇ સંસારીજન શેરબજારમાં આવેલી બ્લુચિપ કંપનીના શેર-જેની ફેસ વેલ્યુ 10 રુ. ની છે પણ 90 રુ. પ્રિમિયમથી 100ના ભાવે બજારમાં વેચાય છે તેના 1,000 શેર લાખ રુ. ના ઇન્વેસ્ટમેન્ટથી લે છે. અસત્કલ્પનાથી અસાધારણ વૃધ્ધિ સાધતી એ કંપની શેરધારકોને લખલૂટ કમાણી કરાવી આપે છે અને આ શેર પેઢી દર પેઢી વારસામાં અપાતા 9 પેઢી સુધી ચાલે અને તે જે કમાણી કરાવી આપે તેની સંભાવના નીચેના ટેબલ પરથી જોઇ લઇએ.

| પે.નં. | નામ | સમય | ડિવિડન્ડ | બોનસ | વાર્ષિક ભાવ વધઘટની સરેરાશ |
|---|---|---|---|---|---|
| 1. | મી.એ | 25 વર્ષ | 20% | | ખ.કી. પર<br>(100, 150, 200, 250...) |
| 2. | મી.બી. | 40 વર્ષ | પ્રથમ 20 વર્ષ 22%<br>પછીના 20 વર્ષ 25% | 10:1<br>(30 માં વર્ષની શરુઆતમાં) | ખ.કીં.પર (70%, 140%, 210%) |
| 3. | મી.સી. | 35 વર્ષ | 20 % | | (ખ.કીં. પર, 100, 200, 300, 400...) |
| 4 | મી.ડી. | 30 વર્ષ | 30 % | 5:1<br>(૩૦માં વર્ષની અંતમાં) | (આગલા વર્ષની જૂની કિંમત પર<br>+260—10,+270-20, + 280-30) |
| 5 | મી.ઇ. | 40 વર્ષ | 25% | | (આગલા વર્ષની જૂની કિંમત પર<br>+ 460—10,<br>+ 470 - 10, + 480 - 10) |
| 6 | મી.એફ | 25 વર્ષ | 25 % | 20માં વર્ષના અંતે 2:1 | આગલા વર્ષની જૂની કિંમત પર<br>500, 1000, 1500...) |
| 7 | મી.જી. | 30 વર્ષ | 30 % | 10માં વર્ષના અંતે 2:1 | આગલા વર્ષની જૂની કિંમત પર<br>1100, 2200, 3300...) |

| | | | | | |
|---|---|---|---|---|---|
| 8 | મી.એચ. | 45 વર્ષ | 30 % | પ્રથમ વર્ષે 1:1<br>પછીના 30 વર્ષ પછી 1:1 | (આગલા વર્ષની જૂની કિંમત પર 35,000 38,000, 41,000, 50,000) |
| 9. | મી.આઇ. | 30 વર્ષ | પ્રારંભના 10 વર્ષ 50% | 1:1 (૧૦માં વર્ષના અંતે) | (ખ.કી. પર 140000, 280000, 420000...) |
| | | | પછીના 10 વર્ષ 40% | 1:1 (૨૦માં વર્ષના અંતે) | |
| | | | પછીના 10 વર્ષ 30% | 1:1 (૩૦માં વર્ષના અંતે) | |

સટ્ટાકીય ચડાવ-ઉતારના કારણે ભાવોનો વધારો આ પ્રમાણે ગોઠવ્યો છે. બાકી 300 વર્ષના ગાળામાં કંપની નુકશાન કરે, ખોટ કરવાના કારણે ડિવિડંડ ન આપે વગેરે ઘટનાઓ નથી જ બની આવું માની લઇ અકલ્પનીય ભૌતિક વિકાસ સાધતી કંપની પણ ધર્મસત્તાના સામ્રાજ્ય સામે કેટલી વામણી પુરવાર થાય છે તે તમારી જ ગણતરી મુજબ જોઇ લો.

વેચાણ કરતા વધેલા કુલ મફતના જ ગણાય. છતાં 1 રુ.ની કિંમત ગણી 1 રુ. ના રોકાણથી ધર્મસત્તા શું આપે. લાખ રુ. ના રોકાણથી ભૌતિક વિશ્વ શું આપે આનો ફરક વિચારી જીવનમાં કોને મહત્વ આપવું, તે મધ્યસ્થબુદ્ધિથી વિચારવું. ભૌતિકતા સાથે જોડાયેલા પાપ પ્રવૃત્તિ, ચિંતા, સ્ટ્રેસ, ભય આદિને બાજુ પર રાખી, ધર્મસત્તા સાથે જોડાયેલ પુણ્ય, પ્રસન્નતા, નિર્મલતા, નિર્ભયતા આદિને પણ ન ગણતા માત્ર ભૌતિક દ્રષ્ટિકોણથી વિચારતા પણ કોણ ચડે ?

## પ્રશ્નો

પ્રશ્ન 1. વલ્લભરાજાના પુત્રની 529 મહિના 19 દિવસ પછીની આવક કેટલી ?

પ્રશ્ન 2 મી.બી. ગાદી પર આવ્યા ત્યારે 1300ની કિંમતનો 1 એવા 1000 શેરની માલિકી ધરાવે છે. જો 30મા વર્ષે શેર વેચવામાં આવે તો કેટલું ડિવિડંડ મળે અને પ્રત્યેક શેરે કેટલી કિંમત મળે ?

પ્રશ્ન 3 મી.ઇ. ના હાથમાં વહીવટ આવ્યો ત્યારે એક શેરનો ભાવ રુ. 15,100નો હતો. તેમના વહીવટ દરમ્યાન 30 વર્ષમાં કુલ મૂડીમાં



કેટલો વધારો થયો અને 40 વર્ષના અંતે એક શેરની કિંમત કેટલી હોઇ શકે ?

પ્રશ્ન 4 મી.એચ વહીવટમાં આવ્યા ત્યારે એક શેરનો ભાવ 7,14,900 છે. 43 વર્ષના વહીવટના અંતે ઓન પેપર તેમની કેટલા શેરની માલિકી ? એક શેરની કિંમત કેટલી ?

પ્રશ્ન 5 300 વર્ષના ગાળામાં કુલ બોનસ શેર કેટલા મળ્યા ? અને આ બધા બોનસ શેર પરનું 1 વર્ષનું ડિવિડન્ડ કુલ કેટલું થાય ?

પ્રશ્ન 6 અશોક માળીનો 7 મો ભવ-રત્નપુર નગરનો હતો. તેમાં મળેલ સંપત્તિના 66% મિલકતનું સુકૃત કરવાની ભાવના જાગે તો કેટલી કિંમતનું સુકૃત થશે ?

પ્રશ્ન 7 પ્રથમ વખતના સ્વર્ણપથના 27મા વર્ષે હાથમાં રહેલી મૂડી કરતા બીજી વખતના રત્નપુરના 27માં વર્ષની મૂડી કેટલા ગણી વધારે ?

પ્રશ્ન 8 અશોક માળીએ કરેલા 1 રુ.ના રોકાણ સામે આઠ ભવ સુધી મળેલ સંપત્તિ કુલ કેટલા ગણી ?

પ્રશ્ન 9. મી.એ. એ કરેલા રોકાણનું મી. આઇને 30 વર્ષના અંતે તમામ ડિવિડન્ડ, બોનસ અને શેરના ભાવોમાં વૃદ્ધિ ગણતા કેટલા ગણું વળતર મળ્યું ?

પ્રશ્ન10. બે વળતર વચ્ચે ચડિયાતાપણાનો ભાજકરાશિ (રેશીયો) કેટલો આવે ?

# આગમનું અમૃતપાન કરીએ



**સમય મર્યાદા : 20 મિનિટ ગુણાંક : 20**

પરમતારક શ્રી તીર્થંકર પરમાત્માઓએ પોતાના કેવળજ્ઞાનનો જે પ્રકાશ આપણને સહુને વહેંચ્યો, આપણા આત્મકલ્યાણ માટે જે ઉપદેશ આપ્યો, જીવનની વાસ્તવિકતાનું જે દિગ્દર્શન કરાવ્યું, સુખ અને દુ:ખના સ્પષ્ટ માર્ગ જે દેખાડ્યા તે બધાનો સંગ્રહ જેમાં થયો છે તે છે જિનાગમો...ભૂતકાળમાં આવા હજારો આગમગ્રંથો હતા, ત્યાર બાદ તે બધા વિલુપ્ત થતા 84 આગમ રહ્યા, તેમાં પણ ઘટાડો થતા હાલ પૂર્વાચાર્યોએ નિયત કરેલા 45 આગમ છે. આમાંના કેટલાક આગમ ગણધર ભગવંતોએ, કેટલાક ભગવાનના સ્વહસ્તદીક્ષિત શિષ્યોએ, કેટલાક તે-તે કાળમાં થયેલા અતિવિદ્વાન આચાર્ય ભગવંતાદિ મહાત્માઓએ રચેલા છે. વિશ્વમાં અનન્ય એવા જ્ઞાનનો ભંડાર તેમાં ભર્યો છે. વિજ્ઞાનની અનેક શાખાઓ અને શોધોના મૂળ આમાં રહેલા છે. આમાંથી ચૂંટેલા માત્ર 11 આગમોનો સેમ્પલ ટેસ્ટ લઇ લઇએ...'શો રુમ મેં ઇતના, તો ગોડાઉન મેં કિતના' એ ઉક્તિ મુજબ આગમોમાં કેટલા જ્ઞાનના રહસ્યો પડ્યા હશે તેની આપણે તો માત્ર કલ્પના જ કરવાની છે. તો ચાલો, આગમોનું અમૃતપાન કરી જ્ઞાનની ભૂખ જગાડીએ અને આત્માને અમર બનાવીએ.

| શ્રી આગમગ્રંથ | મૂળસૂત્ર | ટીકાગ્રંથ | ટીકાકાર | વિશેષ |
|---|---|---|---|---|
| આચારાંગ | 2,554 | 12,000 | પૂ. શીલાંકાચાર્ય | પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ, વનસ્પતિ આદિમાં તાર્કિક વૈજ્ઞાનિક રીતે જીવત્વની સિદ્ધિ, પ્રભુવીરનું અદ્ભુત જીવન ચરિત્ર... |
| સૂયગડાંગ | 2,100 | 12,850 | પૂ. શીલાંકાચાર્ય | પાણી વાયુ માંથી બને છે, વિવિધ ફિલોસોફીઓ આદિનું પ્રથમ જ્ઞાન... |
| ભગવતી સૂત્ર | 15,752 | 18,616 | આ. અભયદેવસૂરિજી | વિજ્ઞાનની મોટા ભાગની શાખાઓનું જ્ઞાન આમાં છે, 36,000 પ્રશ્નોના પ્રભુએ આપેલા ઉત્તરો છે. |
| ઉપાસકદશા | 812 | 800 | આ. અભયદેવસૂરિજી | જીવન અંગેની અલગ અલગ ફિલોસોફી તથા સંસારી વ્યક્તિ પણ પાપરહિત જીવન જીવી શકે તેની સુંદર માહિતી... |
| અંતકૃદ્દશા | 850 | 400 | આ. અભયદેવસૂરિજી | દ્વારકા નગરી આદિ પ્રાચીન નગરીઓનો પ્રમાણભૂત ઇતિહાસ આમાંથી મળે છે. |
| પ્રશ્ન વ્યાકરણ | 1300 | 7500 | પૂ. નયવિમલ ગણી | વિદ્યા / મંત્રશાસ્ત્ર...દેવતાઓ સાથે વાત કરવાની પદ્ધતિ આદિ અનેક વાતો... |
| જીવાજીવાભિગમ | 4700 | 16,000 | મલયગિરિ મ.સા. | જૈન બાયોલોજી...જીવોના ભેદ, ઉત્પત્તિસ્થાન, ખાસિયતો આદિનું વિસ્તાર પૂર્વક જ્ઞાન... |
| પ્રજ્ઞાપના | 1187 | 14,500 | મલયગિરિ મ.સા. | ભૌતિક શાસ્ત્ર, અણુવિજ્ઞાન આદિની અત્યંત વિસ્તૃત માહિતિ... ટી.વી., કોમ્પ્યુટર-ઉપગ્રહ આદિની શોધના મૂળ આમાં છે. |
| સૂર્ય પ્રજ્ઞપ્તિ | 2296 | 9,500 | | જૈન ખગોળ...દિવસ-રાત, ઋતુઓ, કાળચક્ર, ગ્રહણ, જ્યોતિષ શાસ્ત્ર આદિની વિસ્તૃત માહિતિ... |
| જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિ | 4456 | 18,352 | ઉપા. ધર્મસાગરજી | જૈન ભૂગોળ...રાજ્ય-દેશ-ખંડ આદિના વિભાગો તથા દ્રશ્ય અદ્રશ્ય પૃથ્વીની વિસ્તૃત માહિતિ... |
| તંદુલ વૈચારિક પયન્ના | 500 | - | પૂ. વિમલવિજયગણિ | ગર્ભધારણના પ્રથમ સપ્તાહથી જ પ્રત્યેક સાપ્તાહિક વિકાસની માહિતી, ગર્ભવિજ્ઞાન, આહાર વિજ્ઞાન આદિ... |



## પ્રશ્ન પત્ર

પ્રશ્ન 1. પ.પૂ. આચાર્યદેવ શ્રી અભયદેવસૂરીશ્વરજી મહારાજા રચિત ઉપરોક્ત ટીકાગ્રંથોનું પ્રમાણ તેમના મૂળગ્રંથ કરતા કેટલું વધુ થાય ?

પ્રશ્ન 2. '$H_2O$' નું મૂળ મારામાં છે, 'ટી.વી., કોમ્પ્યુટર, ઉપગ્રહાદિની શોધના મૂળ મારામાં છે' તો અમારા બન્નેના મૂળગ્રંથો તેમજ ટીકાગ્રંથો વચ્ચેના તફાવત જણાવો.

પ્રશ્ન 3. અમારા બન્નેના ટીકાકાર એક જ છે. મારા કરતા બીજા ગ્રંથની ટીકાનું પ્રમાણ અડધું છે, તો અમારા બન્ને ની ટીકાના તફાવતની સંખ્યાથી સૌથી નજીકની સંખ્યા પ્રમાણ મૂળગ્રંથ ધરાવનાર આગમનું નામ આપો.

પ્રશ્ન 4. જગદીશચંદ્ર બોઝની શોધના મૂળ મારામાં છે, મારા જ ટીકાકારે રચેલી અન્ય ટીકાના મૂળગ્રંથના શ્લોકો મારાથી કેટલા ઓછા છે ?

પ્રશ્ન 5 ઉપરોક્ત માહિતીમાં સૌથી વધુ પ્રમાણવાળી ટીકા રચનાર મહાત્મા કોણ ? ટીકાનું કુલ પ્રમાણ કેટલું ?

પ્રશ્ન 6 સૌથી મોટું મૂળસૂત્ર ક્યું ? બીજા નંબરની સૌથી મોટી ટીકા ક્યા સૂત્રની ? તથા બન્ને વચ્ચેનો તફાવત જણાવો.

પ્રશ્ન 7 ઉપરના તફાવતને સમાન જ અમારા બે ના મૂળસૂત્રનો સરવાળો થાય છે. તો અમારા ટીકાના લેખકોના નામ જણાવો.

પ્રશ્ન 8 12,850, 9,500, 7,500, 14,500-આમાંથી એક બંધબેસતું નથી તેને ઓળખો ?


પ્રશ્ન 9 જોડકા જોડો.

| | |
|---|---|
| 1) મહાવિદેહ ક્ષેત્ર | પ્રજ્ઞાપના |
| 2) ગર્ભમાં બાળકનો વિકાસ | સૂર્યપ્રજ્ઞપ્તિ |
| 3) સૂર્યગ્રહણ | આચારાંગ |
| 4) અણુની શોધ | તંદુલવૈચારિક પયન્ના |
| 5) શ્રાવક જીવન | ઉપાસક દશાંગ |
| 6) ચંડકૌશિક ઉપસર્ગ | જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિ |

પ્રશ્ન 10. ઉપરોક્ત ટીકાકારોની 1-1 જ કૃતિ લઇને તેનો સરવાળો 54,252 લાવો. આટલો સરવાળો લાવવા માટે ક્યા ગ્રંથોની ટીકાઓ ગ્રહણ કરી તેના નામ જણાવો.



# બુદ્ધિની બાથંબાથી



**સમય મર્યાદા 20 મિનિટ** **ગુણાંક 20**

**પ્રશ્ન 1. આપેલા ચોરસમાં કેટલાક અક્ષરો મુકેલા છે. બાકીના ખાલી ખાના-ઓમાં અહીં આપેલા 'નવ' ટૂકડાઓને યોગ્ય રીતે ગોઠવી આખું ચોરસ અર્થસભર શબ્દોથી ભરી દો. (માર્ક 10)**

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ગ | ■ | ■ | વૈ | શા | લી | ■ | નૈ | ■ | અ |
| | | | | | | | | | ણ |
| | A | | | B | | | C | | ગા |
| | | | | | | | | | ર |
| | | | | | | | | | ■ |
| | D | | | E | | | F | | ગ |
| | | | | | | | | | ણ |
| | | | | | | | | | ધ |
| | G | | | H | | | I | | ર |
| | | | | | | | | | ■ |

૧)

| | | |
|---|---|---|
| મ | ન | ■ |
| ■ | મ | રૂ |
| ર્શ | ન | ■ |

૨)

| | | |
|---|---|---|
| ર | ■ | દ |
| ગ | મા | ર |
| ડુ | ■ | દ |

૩)

| | | |
|---|---|---|
| ■ | કુ | મુ |
| ■ | મા | ન |
| કુ | લ | ■ |

૪)

| | | |
|---|---|---|
| ય | બ | ધ્ધ |
| ■ | ■ | ■ |
| ■ | ક | લ્યા |

૫)

| | | |
|---|---|---|
| ■ | વે | ર |
| વૈ | દ | ■ |
| ક્રિ | ■ | સિ |

૬)

| | | |
|---|---|---|
| આ | ડ | ■ |
| દે | વા | ■ |
| ય | શ | સ્વી |

૭)

| | | |
|---|---|---|
| જ | ગ | ડુ |
| રા | જ | ■ |
| જ | સુ | ■ |

૮)

| | | |
|---|---|---|
| શા | ■ | ■ |
| ખ | ર | ક |
| સુ | ■ | મ |

૯)

| | | |
|---|---|---|
| દ | ■ | લ |
| દ | ■ | દ |
| શ | ■ | લ |

**પ્રશ્ન 2. નીચે આપેલ શરતો પરથી તમને કેટલાક શબ્દો મળશે, તે સર્વ શબ્દોને જોડી એક મહાપુરુષનું નામ બને છે. બુધ્ધિ કસો અને શોધી કાઢો (કુલ અક્ષર-13) (માર્ક 5)**

1) જેનો 1+2 અક્ષર મળીને એક દુઃખમય અને દુષ્ટ યુગનું નામ બનશે.
2) જેનો 1+5+9 અક્ષર મળીને સોગંદનો સમાનાર્થી શબ્દ બને.
3) જેનો 10+11 અક્ષર મળી રાત્રિના અંધકારમાં પ્રકાશ આપનાર ઉપરાંત શીતળતા આપનાર બનશે.
4) જેનો 1+9+4 અક્ષર મળીને કાદવમાં ખીલતા ફુલનું નામ મળશે.
5) જેનો 9+13 અક્ષર મળી તેજાનાનો (મસાલાનો) એક પદાર્થ મળશે.
6) જેનો 8+4 અક્ષર મળી પાણી ભરવાના બેડાનો સમાનાર્થી શબ્દ મળશે.
7) જેનો 3+4 અક્ષર મળી સમયનો સમાનાર્થી શબ્દ બનશે.
8) જેનો 5+6+7 અક્ષર મળી સંપૂર્ણ જ્ઞાન ધરાવનાર વ્યક્તિ બનશે.
9) જેનો 8+9 અક્ષર મળી સોનાનો સમાનાર્થી શબ્દ બનશે.
10) જેનો 9+12+13 અક્ષર મળીને એક પર્યટન સ્થળનું (હિલ સ્ટેશનનું) નામ બને છે.

**પ્રશ્ન 3. સર્વજ્ઞ ભગવંતોએ પોતાના જ્ઞાનના પ્રકાશમાં સમયનું જે પ્રમાણ જોયું છે તે નીચે મુજબ બતાવવામાં આવેલ છે. (માર્ક 5)**

| | |
|---|---|
| કાળનો અત્યંત સૂક્ષ્મ નિર્વિભાજ્ય અંશ=સમય | અસંખ્ય સમય=1 આવલિકા |
| 256 આવલિકા=1 ક્ષુલ્લક ભવ=1 નિગોદનો ભવ | 17।। ક્ષુલ્લક ભવ=1 પ્રાણ (શ્વાસોચ્છવાસ) |
| 7 પ્રાણ=1 સ્તોક | 7 સ્તોક=1 લવ |
| 38 ।। લવ = 1 ઘડી (1 ઘડી=24 મિનિટ) | 77 લવ=2 ઘડી (૨ ઘડી=1 સામાયિક) |



| | |
|---|---|
| 2 ઘડી= મુહૂર્ત | 30 મુહૂર્ત = 1 અહોરાત્ર (સંપૂર્ણ દિવસ) |
| 15 અહોરાત્ર = 1 પક્ષ | 2 પક્ષ = 1 માસ |
| 2 માસ = 1 ઋતુ | 3 ઋતુ = 1 અયન |
| 2 અયન = 1 વર્ષ | 5 વર્ષ = 1 યુગ |
| 84 લાખવર્ષ = 1 પૂર્વાંગ | 84 લાખ પૂર્વાંગ = 1 પૂર્વ |

(આપેલ કાળના કોષ્ટક પરથી નીચેના પ્રશ્નોના ઉત્તર લખો)

સાહેબજી શ્રીપાલને એક માસ માં 15 સામાયિક કરવાની બાધા આપે છે. (2 ઘડી = 1 સામાયિકનો સમય)

A) શ્રીપાલ દર બે અહોરાત્રમાં એક સામાયિક કરે છે, તો શ્રીપાલ 28 અહોરાત્રમાં કેટલા સ્તોક સુધી સામાયિકમાં હશે ?

B) શ્રીપાલ પ્રત્યેક સામાયિક માં અંદાજે 50% સમય સ્વાધ્યાય, 25% સમય જાપ અને 25% સમય વાંચન કરે છે તો શ્રીપાલ એક વર્ષમાં કેટલા અહોરાત્ર સ્વાધ્યાય, કેટલા અહોરાત્ર જાપ અને કેટલા અહોરાત્ર વાંચન કરશે ?

C) એક દુષ્ટકર્મના પ્રાયશ્ચિત્ત સ્વરુપે સાહેબજી શ્રીપાળની બાધા 1 યુગ સુધી લંબાવી દે છે, શ્રીપાલ તેની બાધાના 50% સામાયિક ઉપાશ્રયમાં અને 50% સામાયિક ઘરે કરે છે, તો શ્રીપાલ કેટલા માસ ઉપાશ્રયમાં અને કેટલા માસ ઘરે સામાયિક માં હશે ?


D) શ્રીપાલ અને તેનો કલ્યાણમિત્ર રાહુલ રોજ સાથે સામાયિક કરે છે. શ્રીપાલને વંદિત્તુ સૂત્રની 50 ગાથા પાકી કરતા 50 ઘડીનો સમય લાગે છે, અને રાહુલને તેટલી જ ગાથાઓ કરતા શ્રીપાલ કરતા બમણો સમય લાગે છે. તો રાહુલને શ્રીપાલ કરતા કેટલા શ્વાસોચ્છવાસ (પ્રાણ) નો વધારે સમય લાગ્યો હશે ?



# 'વ' થી કરી વહાલ બની જાવ ખુશહાલ

**સમય : 20 મિનિટ** **માર્ક-20**

**પ્રશ્ન 1. નીચે આપેલા Circle ને શરતો પ્રમાણે ભરો** (માર્ક-5)




1. પાડો જેનુ લંછન છે તે તીર્થંકર ભગવાન.
2. પાર્શ્વનાથ ભગવાનના માતાનું નામ.
3. ગુરુભગવંત શ્રાવક ના માંથા ઉપર આશીર્વાદ રૂપે જે છાંટે છે તે.
4. શાશ્વતી પ્રતિમાનું નામ.
5. પંખા થી થવાવાળી જીવોની વિરાધના.

**પ્રશ્ન 2. એક શબ્દમાં જવાબ આપો. દરેક જવાબ 'વિ' થી શરૂ થશે (કોઇપણ-10)** (માર્ક-5)

Example : **વિશિષ્ટ પ્રકારનું જ્ઞાન : વિજ્ઞાન**

1. જેના ભાગ થઇ ગયા હોય તેવું.
2. જે વિશેષ શુદ્ધ હોય તે.
3. જે રાગ રહિત છે તે.
4. જે દેશ પોતાનો નથી તે.
5. જે મેલ વગરનો છે તે.
6. જે પર્યાય શબ્દનો પર્યાયવાચી શબ્દ દે તે.
7. જે એક સાથ ફિટ ન બેસતું હોય તે.
8. જેનો યોગ ટૂટી ગયો છે તે.
9. જે મળવું અતિ મુશ્કેલ છે તે.
10. જે વિજય-પામે છે તે.
11. જે વિશેષ ચક્ષુ (આંખ) ધારણ કરે છે તે.



**પ્રશ્ન 3. 'વ' પર થી વિરલ વિભૂતિઓને ઓળખો (કોઇપણ 5)** (માર્ક 5)

1. ચંપાપુરીમાં નિર્વાણ થયેલા એ તીર્થંકર ભગવાન..............
2. ઉત્કૃષ્ટ બ્રહ્મચર્યના પાલન કરવાના કારણે જે દંપતીની ભક્તિ કરવાથી 84000 સાધુઓની ભક્તિનો લાભ મળતો હતો..........................................
3. આબુ ઉપર ટૂંક બંધાવવાવાળા બે ભાઇ............................
4. શ્રીપાલરાજાના રાસની શરૂઆત કરવાવાળા ઉપાધ્યાય.........
5. વર્તમાન ચોવીશીના અંતિમ તીર્થંકરના માતાપિતાએ એમનું રાખેલુ નામ................
6. નેમનાથ ભગવાન ના એક ગણધર ભગવંતનું નામ.............

**પ્રશ્ન 4. અહિંયા Mobile નું Keypad આપ્યું છે. તેમાં ભગવાનના Contact Number ની સાથે તેના અક્ષર આપ્યા છે. એ અક્ષરો પરથી તીર્થનું નામ બનાવીને ભગવાનની સાથે Contact વધારવાનો છે. અહીંયા કોડ નંબર આપ્યા છે. એક અક્ષર એકથી વધારે સમય ઉપયોગમાં લાવી શકાય છે. (કોઇપણ 10)** (માર્ક 5)




1. 26854-____________
2. 7198-____________
3. 2031-____________
4. 26101-____________
5. 47-____________
6. 76931-____________
7. 73-____________
8. 7127-____________
9. 015-____________
10. 3971-____________
11. 38-____________

# ભુવનભાનુના અજવાળા



**સમય મર્યાદા 20 મિનિટ**

**ગુણાંક 20**

શિબિરના આદ્યપિતામહ, યુવારાહબર પ.પૂ. ગુરુદેવ આચાર્યદેવ **શ્રીમદ્ વિજયભુવનભાનુસૂરીશ્વરજી મહારાજા** એટલે જીવંત શાસન અને શાસ્ત્ર...તેઓશ્રીના જન્મશતાબ્દિ વર્ષે હિમાલયશા ઉત્તુંગ જીવનનો આછો પરિચય મેળવીએ...અમદાવાદ-કાળુશાહની પોળમાં માતા ભૂરીબહેન, પિતા ચિમનભાઇના કુળમાં વિ.સં. 1967 ચૈત્ર વદ-6, તા. 19-4-1911ના મંગલદિને સૌથી મોટા સંતાન તરીકે જન્મ પામ્યા. નામ પડ્યું કાંતિલાલ. અન્ય સ્વજનોમાં શાંતિભાઇ, પોપટભાઇ (પાછળથી સાથે જ દીક્ષા લઇ પદ્મવિજયજી), ચતુરભાઇ, જયંતિભાઇ (તરુણવિજયજી મ.), તથા શારદાબહેન, વસુબહેન, બબીબહેન (હંસકીર્તિશ્રીજી મ.) નો કિલ્લોલતો પરિવાર હતો. કુશાગ્રબુદ્ધિના પ્રભાવે ગવર્મેન્ટ ડિપ્લોમેટ એકાઉન્ટન્ટ (G.D.A.-C.A. સમકક્ષ) પાસ કરી. ઇન્સ્ટિટયુટ ઓફ બેન્કર્સ (ઇંગ્લેન્ડ) સપુરસ્કાર પાસ થયા. સેન્ટ્રલ બેન્ક ઓફ ઇન્ડિયા-અમદાવાદ બ્રાન્ચમાં જોબ પણ મળી ગઇ. પરંતુ જીવનની કિંમતને અને મહત્ત્વને જાણનારો ઝવેરી રુપિયા-પૈસા માટે જીવનને થોડું વેડફી નાખે ? પ.પૂ. સિદ્ધાંત મહોદધિ આચાર્યદેવ શ્રીમદ્ વિજયપ્રેમસૂરીશ્વરજી મ.સા. નો પાલવ પકડી વિ.સં. 1990 આસો વદ-6ના પુનિત દિને આજીવન ચતુર્થવ્રત સ્વીકાર કર્યો. ત્યાર બાદ લઘુબંધુ પોપટભાઇ સાથે ભાગી જઇને સંવત 1991 પોષ સુદ-12, તા. 16-12-1935ના ચાણસ્મા મુકામે દીક્ષા ગ્રહણ કરી મુનિ ભાનુવિજય બન્યા. ઉત્કૃષ્ટ તપ-ત્યાગ-સ્વાધ્યાય, પ્રભુભક્તિ-ગુરુભક્તિ આદિની સાધનાની ધૂણી ધખાવીને આત્મિક ઉન્નતિ સાથે બાહ્ય પણ વિકાસ સાધ્યો. વડી દીક્ષા મહા સુદ-10 વિ.સં. 1991 માં થઇ. વિ.સં. 2012 ફાગણ સુદ-11 તા. 22-5-56 પૂનામાં



ગણિપદવી મળી. 2015 સંવત, વૈશાખ સુદ-6, તા. 2-5-59 સુરેન્દ્રનગરમાં પંન્યાસ પદવી, સંવત 2029 માગસર સુદ-2, તા. 7-12-72 અમદાવાદમાં આચાર્યપદવી મળી. સંવત 2046 પોષ સુદ-12, તા. 8-1-1990 ઇરોડમાં ગચ્છાધિપતિ બન્યા. સતત પ્રવૃત્તિ, વ્યાખ્યાન-લેખન-વાંચન-અધ્યયન-અધ્યાપન વચ્ચે વર્ધમાનતપની 100 ઓળી સંવત 2026 આસો સુદ-15, તા. 14-10-70 કલકત્તામાં પૂર્ણ કરી, 108 ઓળી સંવત 2035 ફાગણ વદ-13, તા. 25-3-79 મુંબઇમાં અત્યંત દબદબા સાથે પૂર્ણ થઇ.108 ઓળીની અનુમોદનાર્થે 630 વર્ધમાનતપના નવા પાયા, 1028 વર્ધમાનતપની ઓળીઓ તથા 45, 36, 31, 18, 12 ઉપવાસ આદિ મળી કુલ 34,657 આયંબિલ અને 1,348 ઉપવાસ થયા હતા. પારણું કરાવવા નિમિત્તે કુલ મળી 19,157 આયંબિલ અને 2357 ઉપવાસનું અને બીજું દાનાદિ સુકૃત નોંધાયું હતું.

પૂજ્યશ્રીનું પ્રથમ ચાતુર્માસ પાટણ, અંતિમ ચાતુર્માસ સુરત થયેલ. સ્વહસ્તે 400 થી વધુ દીક્ષાઓ આપેલ. જિનશાસનના યુવાનોને શક્તિશાળી, તેજસ્વી, ગુણવાન અને ધર્મવાન બનાવવા ગ્રીષ્મશિબિરનો અનોખો પ્રયોગ પૂજ્યશ્રીએ વિ.સં. 2010 જેઠ માસ ઇ.સ. 1954 મે મહિનામાં પ્રારંભ્યો. પ્રારંભમાં એક મહિનાની શિબિર કરાવતા. પ.પૂ.આચાર્ય રત્નસુંદરસૂરિ, પ.પૂ.આચાર્ય શ્રી હેમરત્નસૂરિ, કુમારપાળભાઇ, કલ્પેશભાઇ, જયેશભાઇ જેવા જિનશાસનના સ્તંભસમા સાધુઓ અને શ્રાવકોની ભેટ ધરી. દિવ્યદર્શન સાપ્તાહિક, 80 થી વધુ પુસ્તકો રાત્રે ચાંદનીમાં લેખન કરી સંઘના ચરણે ધર્યા. ઉગ્ર સાધના કરી વિ.સં. 2049 ચૈત્ર વદ-13, તા. 19-4-93 ના અમદાવાદ મધ્યે પૂજ્યશ્રી સ્વર્ગવાસ પામ્યા...(સામાન્યથી 1 વર્ષ=365 દિવસ).

## પ્રશ્નપત્ર

**સૂચના :-**

1) **પૂર્વસૂચના સિવાયના પ્રશ્નોના પ્રત્યુત્તર અંગ્રેજી કેલેન્ડર-ઇ.સ.ના આધારે આપવાના રહેશે, વર્ષ પૂછ્યા હોય ત્યાં વર્ષ મહિના ચોક્કસપણે જણાવવા.**
2) **વર્ધમાનતપની ઓળીમાં જેટલામી ઓળી તેટલા સળંગ આયંબિલ, ઉપર 1 ઉપવાસ તથા પાયામાં સળંગ 1 થી 5 ઓળી કરવાની હોય છે.**

**3) વિક્રમ સંવતમાં 470 વર્ષ ઉમેરવાથી વીર સંવત આવી જશે.**

1) 108 મી ઓળીની પૂર્ણાહૂતિ દીક્ષાથી કેટલામાં વર્ષે થઇ ?

2) 100 મી ઓળીથી 108 મી ઓળી સુધીમાં પૂજ્યશ્રીએ કરેલો ઓછામાં ઓછો વિહાર કેટલો ?

3) વસુબેનની બેનના ભાઇનો દીક્ષા સંવત વીર સંવત મુજબ જણાવો ?

4) હું નાનો પણ છું, સરખો પણ છું, હું ભાઇ પણ છું-હું શિષ્ય પણ છું તો હું કોણ ?

5) પૂજ્યશ્રીના ગણિપદ અને આચાર્યપદ વચ્ચે કેટલા મહિના પસાર થયા ?

6) પૂજ્યશ્રીના ગણિપદ અને પંન્યાસપદ વચ્ચે કેટલા દિવસો પસાર થયા ?

7) પૂજ્યશ્રીએ આચાર્ય બની કેટલા દિવસ પૃથ્વીતલને પ્રકાશિત કર્યું ?

8) 45 થી 59 ઓળીના આયંબિલની સંખ્યા અને ઉપવાસની સંખ્યા (બન્ને ઓળીને અંદર સાથે ગણીને) કેટલી થાય ?

9) પૂજ્યશ્રીની 108મી ઓળીના પારણા નિમિત્તે નખાયેલા નવા વર્ધમાન તપના પાયાના કુલ આયંબિલ કેટલા ?

10) આજથી કેટલા વર્ષ પૂર્વે પૂજ્યશ્રીએ શિબિરનો પ્રારંભ કરેલ ?

# સિધ્ધાચલની સફરે...



**સમય મર્યાદા 20 મિનિટ** **ગુણાંક 20**

**પ્રશ્ન 1 અયોગ્ય વિકલ્પ શોધી લખો.** (5)

અ) 1) સિદ્ધગિરિ 2) રૈવતગિરિ
3) વિમલગિરિ 4) કંચનગિરિ

બ) 1) 9 2) 99
3) 999 4) પૂર્વ 99

ક) 1) શાંબ-પ્રદ્યુમ્ન 2) દ્રાવિડ-વારિખિલ્લ
3) રામ-લક્ષ્મણ 4) પાંચ પાંડવ

ડ) 1) કવડયક્ષ 2) ઘંટાકર્ણમહાવીર
3) અંગારશાપીર 4) ચક્રેશ્વરી દેવી

ઇ) 1) તળેટી 2) હિંગરાજનો હડો
3) શાંતિનાથ ભ.નું દેરાસર 4) રાયણ પગલા

**પ્રશ્ન 2 યોગ્ય જોડી શોધો** (5)

| | |
|---|---|
| 1) વૃક્ષ | શેત્રુંજી |
| 2) બારી | સૂરજ |
| 3) નદી | ઉજમ |
| 4) પીર | વાઘણ |
| 5) કુંડ | રાયણ |
| 6) ચોરી | મોતીશા |
| 7) શેઠ | નેમનાથ |
| 8) પોળ | ચંદન |
| 9) ફોઇ | પુણ્ય-પાપ |
| 10) તળાવ | અંગારશા |



**પ્રશ્ન 3. સ્તવનની કડીઓ ગોઠવો** (5)

1) દી સિ આ રે દે દ્ધા ર લ રે બે ખ લ ચ શ્વ વો શિ અ દી લો.
2) વા માં સે ગું ની દા ચ બા ણો ર ર ર ને દા દ હું
3) રી રિ વિ ત્રા વ્વા લ મ ન ક એ યા ગિ ણું
4) ભુ નુ ખ મ કે નો થી ર અ ર ધા પ્ર ડુ જી મુ લ માં ન ય વ સે મી સ રા
5) ઇ મૂ ઇ રુ ના મૂ ઇ ર હો ચ કો ખા ચો દ ને ર કે મૂ કે સો પા કો કે મ પ ટી દા બા ર દા કો

**પ્રશ્ન 4 રોહિતે નીચે મુજબના ક્રમમાં શત્રુંજયની યાત્રા કરી.** (5)

તળેટી થી-ધોળી પરબ-હિંગળાજનો હડો-પદ્માવતી દેવીની ટૂંક-હનુમાન ધારા-રામપોળ-અંતે દાદાનો દરબાર.

1) રોહિતને તળેટીથી ધોળી પરબ જતા 10 મિનિટ અને ધોળી પરબથી હિંગળાજના હડે જતા 20 મિનિટ લાગે છે.
2) ત્યારબાદ હિંગળાજના હડાથી હનુમાન ધારા જતાં 20 મિનિટ લાગે છે અને પદ્માવતીથી રામપોળ જતાં 15 મિનિટ લાગે છે.
3) રોહિતને પદ્માવતીથી દ્રાવિડ-વારિખીલની દેરીના દર્શન કરી હનુમાન ધારા પહોંચતા 10 મિનિટ લાગે છે.
4) રામપોળથી શાંતિનાથ દાદાના દર્શન કરી દાદાના દરબારે પહોંચતા તેને બીજી 10 મિનિટ લાગે છે.
5) આ ઉપરાંત રોહિત હિંગળાજના હડા પાસે 5 મિનિટનો વિશ્રામ લે છે.

6) પદ્માવતીથી નિકળી હનુમાન ધારા પાસે રોહિત 5 મિનિટ નો વિશ્રામ લઇ નવકારશી પાળે છે.

7) સંપૂર્ણ યાત્રા દરમ્યાન રોહિત નવકારવાળી ગણે છે. માત્ર વિશ્રામ દરમ્યાન તે નવકારવાળી નથી ગણતો (રોહિત 1 મિનિટ માં 4 નવકાર ગણે છે.)

**પ્રશ્નો**

1) રોહિતને તળેટીથી દાદાના દરબાર સુધી પહોંચતા કુલ કેટલો સમય લાગ્યો હશે ?

2) સંપૂર્ણ યાત્રા દરમ્યાન રોહિતે ટોટલ કેટલા નવકાર ગણ્યા હશે ?

3) શત્રુંજય પર દાદાની પૂજા કરી રોહિત નૂતન બાવન જિનાલયમાં પૂજા કરવા જાય છે. નૂતન બાવન જિનાલયમાં ઉત્તરમાં 11, દક્ષિણમાં 11 દેરી છે, પૂર્વ-પશ્ચિમમાં 15-15 દેરી છે. રાહુલ બધી દેરીમાં દર્શન કરે છે. તો એણે આપેલ પ્રદક્ષિણાનું ક્ષેત્રફળ કેટલું ? (દરેક દેરીનું માપ 2.37 મીટર છે.)



# મળો નેમનાથ
## ભગવાનના પરિવારને



**સમય મર્યાદા 20 મિનિટ** **ગુણાંક 21**

| | | |
|---|---|---|
| રુ | મુ | વી |
| બિ | ૧ | શં |
| સુ | ર | <u>ને</u> |

ઢ
હે અં
ર ૨ ન
યા <u>મ</u>
શિ

| | | |
|---|---|---|
| ર | મા | ગ્ર |
| દે | ૩ | ન |
| રા | કા | ધ |

**પ્રભુ નેમનાથનો પરિવાર**

મ
થ ર
સ ૪ ત્ત
ઘ કા
ઉ

| | | |
|---|---|---|
| જી | ર | દ્વા |
| મે | ૫ | સ |
| શા | જ | ણી |

| | | |
|---|---|---|
| ણ | વ | દ |
| ગ | ૬ | ગી |
| જ | વા | જ |

ગો
ષ્ણ કી
વ ૭ તી
કુ ય
ક્મિ

| | | |
|---|---|---|
| કૃ | સે | દ્ર |
| હ | ૮ | સં |
| વ | ના | ર |

ઢં
ત્મા દ
સા ૯ વિ
ણ <u>ના</u>
મિ

| | | |
|---|---|---|
| હ | લ | ને |
| ખ | ૦ | વ |
| <u>થ</u> | રિ | રા |

નંબર પ્રમાણે શ્રી નેમિનાથ પરમાત્માના સંબંધીઓને મળો.

(1) 1290 = ______નેમનાથ
(2) 2631 = ____________
(3) 418967 = ____________
(4) 87 = ____________
(5) 3409 = ____________
(6) 0547 = ____________
(7) 58903 = ____________
(8) 213 = ____________
(9) 753 = ____________
(10) 10 = ____________
(11) 504 = ____________
(12) 6284 = ____________
(13) 651730 = ____________
(14) 287 = ____________
(15) 175 = ____________
(16) 4382 = ____________
(17) 6384 = ____________
(18) 6594 = ____________
(19) 267 = ____________
(20) 895 = ____________
(21) 926 = ____________
(22) 019 = ____________




# 'અ' ને ઓળખો, બુદ્ધિને પરખો



**સમય મર્યાદા 20 મિનિટ** **ગુણાંક 20**

**પ્રશ્ન 1. નીચે આપેલા ચોકઠામાં આપેલ શરતો મુજબ શબ્દ ભરો.** **(5)**




1) એક કાળનું નામ.
2) જે તીર્થંકર ભગવંતના કાળમાં 170 વિહરમાન ભગવંતો હતા તે ભગવાન.
3) નવકારનું એક પદ, નમો....
4) બટાટા શું કહેવાય ?

**પ્રશ્ન 2 એક શબ્દમાં ઉત્તર આપો.** **(5)**

**Example : જેને છેદી ન શકાય તે <u>અછેદ્ય</u>**

1) જેનો અંત નથી તે...
2) જેને ભેદી ન શકાય તે...
3) જેને ભય નથી તે...
4) જેના જેવા બીજા કોઇ નથી તે...
5) જે ખંડિત ન હોય તે...
6) જેની કોઇ ઉપમા નથી તે...
7) જેનો કોઇ આરંભ નથી તેવું.
8) જેને ભાગી ન શકાય તે...
9) જેનું કોઇ નામ નથી તેવી સ્ત્રી...
10) જેનો નાશ ન કરી શકાય એવું...
11) જેનામાં શત્રુંજયના દર્શન કરવા માટેની પાત્રતા નથી તે
12) જે ખાવા માટે યોગ્ય ન હોય તે...

**પ્રશ્ન 3. 'અ' ઉપરથી અનામી મહાપુરુષોને ઓળખો. (5)**

1. શ્રેણિક મહારાજાના મંત્રીનું નામ...
2. ઇરિયાવહીની ક્રિયા કરતા જેમને કેવળજ્ઞાન થયું...
3. જેમનું લાંછન વાંદરો છે તે ભગવાન...
4. પાર્શ્વનાથ ભગવાનના પિતાજીનું નામ...
5. કુમારપાળ મહારાજના ભત્રીજાનું નામ...

**પ્રશ્ન 4. અહીં ટેલીફોનનું ડાયલ આપ્યું છે. આ ડાયલનાં દરેક નંબરમાં અક્ષરો આપ્યા છે. (5)**

તમારે આ અક્ષરોમાંથી શબ્દ બનાવી સ્તવનની કડી બનાવવાની છે. અહીં કોડ નંબર આપ્યા છે. એક શબ્દ એક થી વધારે વાર વાપરી શકાશે.


1) 42, 357, 168,00

2) 93, 52, 962, 8, 09688, 61

3) 4693, 713, 12945, 907

4) 74, 93, 1, 3651

5) 54, 54, 027






# ઉચિતને આવકારીએ

# અનુચિતને નકારીએ



**સમય મર્યાદા 20 મિનિટ ગુણાંક 20**

**પ્રશ્ન 1. નીચેના વાક્યો ઉચિત છે કે અનુચિત તે જણાવો. જવાબમાં ઉચિત / અનુચિત લખવું. (10)**

1. મંડળના સભ્યો પૂજન પુરું થવાના સમયે દેરાસરમાં આવી, અડધો કલાક પૂજનમાં બેસી, સ્વામીવાત્સલ્યનું વાપરીને ઘેર ગયા.
2. ચોમાસી દેવવંદનમાં વચ્ચે વચ્ચે જ્ઞાનદ્રવ્યની વૃદ્ધિ માટે સંઘની મુખ્ય બહેનો ખૂબ જ ચડાવા બોલે છે.
3. મહાવીર સ્વામી જન્મવાંચનના સ્વામીવાત્સલ્ય માટે બદામ ફોડીને તે જ દિવસે બદામ કતરી બનાવવા 50 માણસની મજૂરી વેઠવાની શ્રીપાલભાઇની વાતનો પ્રતિકભાઇ વિરોધ કરે છે.
4. અક્ષત રોજ પોતાના મમ્મી-પપ્પા પાસે બેસી ધાર્મિક મેગે-ઝિન વાંચવાનું કરે છે.
5. બ્રિજેશે પોતાના અજૈન મિત્રો માટે પણ જૈન સેન્ડવીચનો ઓર્ડર આપ્યો.
6. રાહુલે સિધ્ધચક્ર પૂજનમાં ભગવાનની નજર પોતાના ઉપર ન પડે તે રીતે હાર મુગટ પહેર્યાં.
7. મયંકને ધોતિયું પહેરીને વંદન કરવાનું ન ફાવતું હોવાથી એક જ જગ્યાએ બેસીને ત્રણ મહાત્માઓને ભેગું એક જ વંદન કર્યું.
8. રાત્રે તપસ્વીની શાતા પૂછવા આવેલા મહેમાનોની ભાવના બહેને ખૂબ જ ભાવથી સાધર્મિક ભક્તિ કરી.
9. દેવાંગભાઇએ સાધર્મિકોને ત્યાં ગુપ્ત રીતે ગોળ-ઘી-મિઠાઇ-મગ વગેરે પહોંચાડવા.

10. સત્યવાનભાઇએ વધુ ટેકસ ભરવો ના પડે તે માટે પોતાની બે નંબરની આવક છુપાવવા મોટો ચડાવો લઇ ભગવાનની પ્રતિષ્ઠા કરી.

11. શ્રી છગનભાઇએ તેમના પુત્ર મગનના લગ્નનું ભવ્ય રિસે-પ્શન બ્રેબોર્ન સ્ટેડિયમમાં રાખ્યું.

12. શ્રી સેવાલાલે ચાતુર્માસિક આરાધનામાં તપસ્વીઓની ઉત્કૃષ્ટ ભક્તિ કરવા સૂકામેવા વાપર્યા.

13. શ્રીમાન મોટાભાઇ દાનીએ સંસ્થાને એક કરોડનો ચેક આપતા સંસ્થાએ પ્રવેશ દ્વાર ઉપર તેમના નામની ભવ્ય આરસની તકતી ચઢાવી.

14. ભાઇશ્રી ભાઇલાલભાઇએ પોતાના મૃત ભાઇની યાદમાં ઉપાશ્રય બંધાવ્યો.

15. ભોળાકાકાએ નિખાલસતાથી પોતાના જીવનની સર્વ વાત ગુરુ ભગવંતને કહી, ભવ આલોચના લીધી.

16. યોજના બહેને મંદીના સમયમાં યોગ્ય કરકસર કરી તેમના પતિ ધનસુખભાઇને આર્થિક સહયોગ આપ્યો.

17. ધમાલકાકાના પુત્ર વિવેકે પિતાજીનો બિઝનેસ સંભાળી, તેમને ધાર્મિકકાર્ય માટે પૂરતો સમય આપ્યો.

18. નમ્રતાબહેન અને તેમના સાસુ ડાહ્યાબેન ઘરમાં મા-દિક-રીની જેમ રહે છે.

19. આપણા શિબિરાર્થીઓ પોતાનું પેપર આજુબાજુ જોયા વગર જાત મેહનતથી લખે છે.

20. એક શાસનપ્રેમીએ વર્ષોથી ફિલ્મભાઇનમાં પેંધી ગયેલા અશ્લીલ ફિલ્મકારને મારી મારીને અધમૂઓ કરી નાંખ્યો.

21. અજય અને વિજયે ભેગા મળી 16 માછીમારોને નિર્દોષ કામ-ધંધે લગાડયા, જેના માટે 5 શ્રીમંતો પાસે 10-10 લાખ રુ. નું દાન લીધું.

**પ્રશ્ન 2. શ્રેણીમાં ઉચીત શબ્દ મૂકીને ખાલી જગ્યા પૂરો. (5)**

1) (અ) 13 (બ) .... (ક) 19 (ડ) 23



2) (અ) .... (બ) પુષ્પ (ક) દીપ (ડ) નૈવેદ્ય

3) (અ) આર્ત (બ).... (ક) ધર્મ (ડ) શુક્લ

4) (અ) સાધુ (બ) સાધ્વી (ક) શ્રાવક (ડ) ...

5) (અ) અર્થશાસ્ત્ર (બ) ભૂગોલ (ક) .... (ડ) ઇતિહાસ

6) (અ) 657 (બ) 435 (ક) 222 (ડ) ....

7) (અ) 13 (બ) 20 (ક) 30 (ડ) ....
(ઇ) 59

8) (અ) કુંથુ (બ) શાંતિ (ક) .....

9) (અ) ... (બ) પૂ. હેમચંદ્રસૂરિ મ.સા.
(ક) પૂ. પદ્મવિ. મ.સા. (ડ) પૂ. ભુવનભાનુસૂરિ મ.સા.

10) (અ) બ્રાહ્મણકુંડ (બ) ક્ષત્રિયકુંડ (ક) .... (ડ) પાવાપુરી

11) (અ) 3 (બ) .... (ક) 27 (ડ) 81

**પ્રશ્ન 3. નીચે આપેલ અક્ષર પરથી આઠ અક્ષરનું એક રાજાનું નામ બને છે. બુધ્ધિ કસો અને શોધી કાઢો. (5)**

1) જેનો 8 + 4 અક્ષર મળી મુસલમાન કરે.

2) જેનો 4 + 1 અક્ષર મળીને શાલિભદ્રની ભંગીયણનું નામ થાય.

3) જેનો 8 + 6 અક્ષર મળી સંસ્કૃતમાં ઘોડો થાય.

4) જેનો 3 + 4 અક્ષર મળી રાજા પોતાના જિતેલા પ્રદેશ પર કરે.

5) જેનો 5 + 6 અક્ષર મળી શત્રુ જીતવાથી પ્રાપ્ત થાય.

6) જેનો 4 + 3 અક્ષર મળી એક અવસ્થા થાય.

7) જેનો 1 + 3 + 4 અક્ષર મળીને મુસલમાન બાદશાહનું નામ થાય.

8) જેનો 1 + 2 અક્ષર મળી નવપદ માંથી એક પદ બને છે.

9) જેનો 7 + 8 અક્ષર મળી એક પ્રાણીનું નામ બને છે.


10) જેનો 3 + 8 અક્ષર મળી રસ્તાનો સમાનાર્થી બને.

11) જેનો 3 + 6 અક્ષર મળી રાજાનો સમાનાર્થી બને.

12) જેનો 8 + 3 અક્ષર મળી હિંદીમાં લીલો કલર થાય.

# જિંદગી

જિંદગી



**સમય મર્યાદા 20 મિનિટ**

**ગુણાંક 20**

**કોઇપણ પાંચ પ્રશ્ન પર 6 લાઇનમાં 3 થી 4 મુદ્દા પૂર્વક / વિકલ્પપૂર્વક જવાબ લખો.**

1) તમારા પિતાશ્રીના તમે એકના એક પુત્ર છો, તમારા પિતાજી તમે કોમર્સની કોઇ લાઇન લઇ જલ્દી ગ્રેજ્યુએટ થઇ નોકરી કરી કમાવા લાગી જાવ તેમ ઇચ્છે છે, તમે કોમ્પ્યુટર એન્જિનિયર બનવા ચાહો છો, જેમાં ફી આદિનો ખર્ચો મોટો છે. તમારી કેરિયર તમને તેમાં દેખાય છે. આવા સંયોગોમાં તમે ક્યો નિર્ણય કરશો ? કેવી રીતે એ નિર્ણય પર આવશો ?

2) તમારા પિતાજીનો સ્વભાવ અતિશય ગુસ્સાવાળો છે. ઘરમાં તેમનું ધાર્યું જ થાય તેવો તેમનો આગ્રહ છે. ભૂતકાળમાં તમારા ઘણા મિત્રોને આવા સ્વભાવનો ખરાબ અનુભવ થઇ ચૂક્યો છે. તેથી તેઓ બધા જ તમને તમારા મેરેજ બાદ જુદા થવાનું કહે છે. તમે શું પગલા લેશો ?

3) તમારી બુદ્ધિનો ગ્રાફ મધ્યમ હોવાથી કોઇપણ ક્ષેત્રમાં તમારું Performance Average (સરેરાશ) પ્રકારનું રહેવાથી વારંવાર બધાના સલાહ, શિખામણ અને ઠપકા સાંભળવા પડે છે. કોઇપણ મનગમતું કામ કરવાનું આવે તો તેમાં રુકાવટ કરાતી હોય છે, દુનિયાના કોઇ પણ જીવને સ્વતંત્રતા વહાલી હોય છે તો આવા સંયોગોમાં તમારો પ્રતિભાવ શું હશે ?

4) તમારા ઘરમાં તમે બે ભાઇ-એક બહેન છો, બાકીના બન્ને તેજસ્વી-રુપાળા તથા જબરા હોવાના કારણે તેમનું ધાર્યું બધું થાય છે, બધી બાબતમાં તેમને પહેલી અનુકુળતા કરી આપવામાં આવે છે, તમને પણ વારંવાર તેમના ઉદાહરણ આપી ઉતારી પાડવામાં આવે છે. તમે



ખૂબ સમજુ હોવા છતાં, ઘણું સહન કરતા હોવા-છતાં દબાવવામાં આવે છે. તેવા સમયે તમે હુંફ મેળવવા ક્યાં જશો ? હૃદયની વાત કોને કરશો ? જીવનની વ્યવસ્થા કેવી રીતે ગોઠવશો ?

5) તમારી તેજસ્વિતાના કારણે શૈક્ષણિક કારકિર્દીમાં તમે ઝળહળતી સફળતા મેળવેલ છે તેથી સ્કોલરશીપ સાથે પરદેશની ટોપની યુનિવર્સિટીમાં ભણવા જવાની Offer મળે છે. તમારા મિત્રો-સ્વજનો ખૂબ અભિનંદનની વર્ષા વરસાવે છે અને તમારી ઇર્ષ્યા કરે છે, પરંતુ તમારી માતા વાત્સલ્યના કારણે, ધાર્મિકતાના કારણે તથા ભયના કારણે તમને જવા દેવાની સદંતર ના પાડે છે, તમે શું નિર્ણય લેશો ? શા માટે ?

6) હમણાં જ તમારી S.S.C./H.S.C.ની Exams પૂરી થઇ છે. સતત અભ્યાસથી થાકેલા તમે બહાર ફરવા જવાનું વિચારો છો, તમારા મમ્મી-પપ્પાએ સોચી સમજીને 5-6 દિવસનો યાત્રા પ્રવાસ ગોઠવી કાઢ્યો છે અને ટીકીટો પણ લઇ લીધી છે, ત્યારે તમારું ફ્રેન્ડ-સર્કલ પણ તેજ દિવસોમાં અઠવાડિયાનો પિકનિક + યાત્રા પ્રવાસ ગોઠવે છે. બન્ને પક્ષ તમને ખૂબ જ આગ્રહ કરે છે તો તમે કોની સાથે જશો ? શા માટે ?

7) માતા-પિતા અને સંતાન વચ્ચેના આદર્શ સંબંધોની તમારા મનમાં રમતી રુપરેખા આપો...માતા-પિતા તરફથી તમારી અપેક્ષા શું તથા માતા-પિતા પ્રત્યે કેવી લાગણી-કેવા કર્તવ્યો બજાવવાની તમારી ગણતરી, તે રુપે ઉપરનો જવાબ લખી શકશો.

**ઉત્તર** ..................................................................

..................................................................

..................................................................

..................................................................

**ઉત્તર** ..................................................................

..................................................................

..................................................................

..................................................................

# જિંદગી તારા રુપ અનેક



**સમય મર્યાદા 20 મિનિટ** **ગુણાંક 20**

**કોઇપણ પાંચ પ્રશ્ન પર 6 લાઇનમાં 3 થી 4 મુદ્દા પૂર્વક / વિકલ્પપૂર્વક જવાબ લખો.**

1) તમને સ્વાભાવિકપણે અન્યને મદદ કરવાના કાર્યોમાં રસ છે. તમે હોસ્પિટલ, અનાથાશ્રમ, બહેરા-મુંગાની શાળા આદિમાં અવારનવાર દાન આપવા જાઓ છો. તમારી આ પ્રવૃત્તિમાં આવો રસ ધરાવતા બીજા લોકો પણ જોડાવા ઇચ્છે છે. આનાથી તમારી પ્રવૃત્તિનો વ્યાપ વધે એમ છે પણ સાથે કેટલાક નિયંત્રણો પણ આવે તેમ છે તો તમે સહુની સાથે જોડાશો કે નહીં ? જો હા, તો સંગઠનની વ્યવસ્થા કેવી કરવા ધારો છો ?

2) 50 ની સંખ્યા ધરાવતા મંડળના તમે સક્રિય સદસ્ય છો, માત્ર 4-5 જણને જ મંડળની પ્રવૃત્તિઓમાં રસ છે, બાકી બધા પોતપોતાની જિંદગીમાં વ્યસ્ત છે, સંગઠન અને સક્રિયતાના અભાવે ઘણું નુકશાન થઇ રહ્યું છે, સહુમાં સત્કાર્યનો રસ પ્રેરવા તમે શું કરશો ?

3) તમારા ગ્રુપના લીડરના જીવનમાં ઘણી ઉથલપાથલ આવી છે. ફેમિલીમાં પ્રોબ્લેમ, કોલેજમાં પ્રોબ્લેમ, ફ્રેન્ડશીપમાં પ્રોબ્લેમ...તેથી સ્વભાવ થોડોક બદલાઇ જવાથી ગ્રુપમાં પણ તેમની સામે આક્ષેપો થવા માંડ્યા છે, તમે વાસ્તવિકતાથી અજાણ છો કે આક્ષેપો સાચા છે કે નહીં, તેવા સંયોગોમાં તમારું ભાવિ પગલું શું હશે ?

4) અનેક ધર્મપ્રેમી જૈનોની જેમ એક સાચા જૈન તરીકે તમારા મનમાં જૈનધર્મને વિશ્વમાં Superpower તરીકે જોવાની ભાવના રમે છે. તમારા મનમાં એના માટે કોઇ યોજના, કોઇ Planning ?



5) તમારા શ્રી સંઘમાં ભગવાન મહાવીરસ્વામિના જન્મકલ્યાણક દિને રથયાત્રા, સાધર્મિક વાત્સલ્ય, અનુકંપાદાન, ભવ્ય અંગરચના આદિ કાર્યક્રમો ગોઠવાયા છે, તે નિમિત્તે તે જ દિવસે તમારા મંડળ તરફથી હોસ્પિટલ-અનાથાશ્રમ આદિમાં મિઠાઇ વિતરણ તથા ભિક્ષુક ભોજન આદિ કાર્યક્રમ ગોઠવાયા છે તો તમે ક્યા કાર્યક્રમમાં હાજરી આપશો ? શા માટે ?

6) તમે જેમાં સેક્રેટરી છે એવું મંડળ યુવાનોમાં જાગૃતિ લાવવા રવિવારીય સંધ્યાભક્તિ, સાધર્મિક ભક્તિ, અનુકંપાદાન, ખિચડીઘર, સંઘના બાળકોની અષ્ટપ્રકારી પૂજા, સમુહ સામાયિક, ફટાકડા ત્યાગ અભિયાન આદિ પ્રવૃત્તિઓ કરે છે. કોઇ પણ કારણસર સંઘના ટ્રસ્ટીઓની આ પ્રવૃત્તિઓ સામે / મંડળ સામે નારાજગી છે. આ પરિસ્થિતિનો ઉકેલ લાવવા શું કરશો ?

7) આજના સમયમાં કોઇપણ ગ્રુપમાં ઇર્ષ્યા, ટાંટિયા ખેંચ, સત્તાની સાઠમારી, ગ્રુપીઝમ આદિ ચાલતું હોય છે. કોઇ ગ્રુપને એકદમ સરસ રીતે ચલાવવા માટે ઉપરના દોષો ટાળવા માટે પાંચ મુદ્દાનો કાર્યક્રમ આપો...

**ઉત્તર** ..............................................................................
..............................................................................
..............................................................................
..............................................................................
..............................................................................
..............................................................................

**ઉત્તર** ..............................................................................
..............................................................................
..............................................................................
..............................................................................
..............................................................................
..............................................................................

# કુટુંબજીવનને અજવાળીએ



**સમય મર્યાદા 30 મિનિટ** **ગુણાંક 20**

**પ્રશ્ન અ. કોઇપણ પાંચ પ્રશ્ન પર 6 લાઇનમાં-3 થી 4 મુદ્દા પૂર્વક / વિકલ્પ પૂર્વક જવાબ લખો.**

1. નાનપણથી તમારું ડોક્ટર બનવાનું સ્વપ્ન છે. તેજસ્વી અને ઉદ્યમી હોવા ઉપરાંત તમે મહત્ત્વાકાંક્ષી પણ છો, હાલ 12th Science માં છો, રોજના 2 કલાકના ક્લાસ પણ રાખ્યા છે, અચાનક તમારા પિતાજીને અકસ્માત થતાં તેમની આંખ ચાલી ગઇ, Job પણ છૂટી ગઇ, ઘર ચલાવવા મમ્મી સીવણકામ, ખાખરા, પાપડ વણવા વગેરેની આકરી મહેનત કરે છે, તમારો નાનો ભાઇ પણ તેજસ્વી છે અને S.S.C. માં ભણે છે. આવા સંયોગોમાં તમે શું પગલા લેશો ?
2. તમારો જૈન મિત્ર અજૈન યુવતીના પ્રેમમાં છે. તમારી સાથેની ચર્ચામાં તેણે એક જ દલીલ કરે રાખી કે ‘અજૈન સાથે લગ્ન કરી જૈન બનાવું, તો તેનાથી ધર્મને લાભ જ છે ને...’ વળી તે આ પ્રકરણમાં અનેક રીતે તમારી સહાયતા ઇચ્છે છે...તમારું મંતવ્ય અને તમારા પ્રયત્નો કઇ દિશાના તે જણાવો.
3. તમારા પિતાજી અને કાકા વચ્ચે મિલકત અંગેનો મોટો ઝઘડો લાંબા સમયથી ચાલે છે, પરસ્પર બોલવાના, મળવાના કે જમવાના કોઇ વ્યવહાર બે કુટુંબ વચ્ચે નથી, તમે M.B.A. થઇને હમણાં જ સારી Job પર લાગ્યા છો, ત્યાં તમને બહારથી સમાચાર મળે છે કે તમારા કાકાને દીકરાઓએ તરછોડી દીધા છે અને એકલા અટૂલા પરાધીન અવસ્થામાં જીવન ગાળે છે, ખાવાના પણ ફાંફાં પડે છે, તેમનું શરીર રોગોનું ઘર બની ગયું છે. આવાં સંયોગોમાં તમે શું પગલા લેશો ?
4. તમે જૈન સોશ્યલ ગ્રુપના એક્ટિવ મેમ્બર છો, ઘણી ચાહના પ્રાપ્ત કરી છે તેથી બધાજ સભ્યો તમને President બનવા આગ્રહ કરે છે. ગ્રુપમાં



દર મહિને નાટક, પ્રવાસ, ડાયરો, સંગીતસંધ્યા આદિ કાર્યક્રમો જ થતા હોય છે જેમાં રાત્રિભોજન, અભક્ષ્યભોજન, આદિ જિનાજ્ઞાભંજક તત્ત્વોનું જોર વધુ હોય છે, તો તમે આગ્રહને માન આપશો ?

5. એક વર્ષ પછી તમારા લગ્ન થવાના છે, સારી રીતે લગ્ન થાય તે માટે તમે અત્યારથી બચત કરી રહ્યા છો, મધ્યમવર્ગીય સરળ સ્વભાવી પિતાજી વર્ષોથી એક શેઠને ત્યાં નામુ લખવાની નોકરી કરે છે જેમાંથી ઘરખર્ચ પણ પૂરો નીકળતો નથી, આ અરસામાં તમારા ભાઇએ શેરબજારમાં ખૂબ મોટું નુકશાન કર્યું છે અને લેણદારોથી બચવા ઘરમાંથી ભાગી જઇ રખડતો ફરે છે, જો તેને સહાય કરવા જાઓ તો બધાના ભવિષ્ય પર પ્રશ્નાર્થચિહ્ન લાગી જાય તેમ છે અને ન કરો તો તે શું પગલું ભરશે તે નિશ્ચિત નથી, આવા સંયોગોમાં તમે શું કરશો ?
6. તમારું આખું ફ્રેન્ડસર્કલ જલસાબાજ છે, રખડપટ્ટી અને મસ્તીતોફાનમાં જ તેમને રસ છે, તમે કલ્યાણમિત્રતાના નાતે તેમને સન્માર્ગે વાળવા ચાહો છો, તમારી પ્રેરણાથી તેઓ દર્શન, પૂજા, તિથિએ હોટલત્યાગ, પર્યુષણમાં તપશ્ચર્યા, પ્રતિક્રમણ આદિ કરતા થયા છે, તેઓ પણ તમે નવરાત્રિ, 31 ડિસેમ્બર, પિકનિક આદિમાં જોડાઓ તેવો ખૂબ આગ્રહ કરે છે...તમે શું પગલા લેશો ?
7. નાનપણથી જીવનનિર્વાહની જવાબદારી આવી જવાના કારણે તમારા પિતાશ્રી સખત Money-minded થઇ ગયા છે. મોટી ઉંમરે પણ ધર્મનો રસ નથી અને વ્યાવહારિક બાબતોમાં સતત ચંચુપાત કર્યા કરે છે, તમારી ઇચ્છા તેમને ધર્મમાં જોડવાની, તેમની આરાધના વધારવાની, તેમના હાથે સારા સુકૃતો કરાવવાની છે...તમે શું યોજના વિચારો છો ?
8. તમારા ઘરમાં અતિધાર્મિક વાતાવરણ છે. પરાણે સેવાપૂજા, ગુરુવંદન, નવકારશી, ચોવિહાર, પાઠશાળા, પર્વતિથિએ તપ, પ્રતિક્રમણ આદિ કરવું પડે છે, સામા પક્ષે તમે રંગીન પ્રકૃતિના હોવાથી તમારે મોજમસ્તી કરવી છે પરંતુ તેના પર સખત નિયંત્રણ છે, તમારું મન ઘણીવાર અકળાય છે, હવે તમારી અનિચ્છા છતાં તમને અષ્ટદિવસીય શિબિરમાં પરાણે મોકલવામાં આવ્યા છે, ત્યાં તમે સ્વતંત્ર હોવાથી મન તોફાન કરવા ઘણું કૂદાકૂદ કરે છે. તમે શું કરશો ?

**ઉત્તર** ..............................................................

..............................................................

# ધર્મજીવનને સમજીએ





**સમય મર્યાદા 30 મિનિટ** **ગુણાંક 20**

**પ્રશ્ન અ. કોઇપણ પાંચ પ્રશ્ન પર 6 લાઇનમાં 3 થી 4 મુદ્દા પૂર્વક / વિકલ્પપૂર્વક જવાબ લખો.**

1. તમારો મિત્ર ભરયુવાનીમાં ખૂબ ઉલ્લાસથી વર્ષીતપ કરતો હતો. અખાત્રીજના પારણાના દિવસે ઇક્ષુરસના પ્રથમ પ્રક્ષાલનો લાભ લેવાની તેની ભાવના છતાં આર્થિક મર્યાદાના કારણે તે લાભ ન લઇ શક્યો, તેથી ધર્મક્ષેત્રમાં વધી રહેલ આર્થિક મહત્તા સામે તે ખૂબ આક્રોશમાં આવી ગયો અને આવી પ્રથા ન હોવી જોઇએ તેમ માનવા લાગ્યો. તમારું મંતવ્ય શું ?
2. સતત જેમની 3 શિબિર ભરી છે એવા સાધુ ભગવંત સંઘમાં ચોમાસા માટે પધાર્યા છે, તમે ભક્તિભાવ અને ઉલ્લાસપૂર્વક તેમની પાસે અવારનવાર જાવ છો, આ જોઇ તથા સંઘમાં કાર્યકર્તાનો અભાવ હોવાથી સંઘના ટ્રસ્ટીઓએ ચાતુર્માસિક અનુષ્ઠાનોના વહીવટ તથા સાધુ-સાધ્વી વૈયાવચ્ચની જવાબદારી તમારા માથે નાંખી દીધી છે. બીજી બાજુ કોલેજના અભ્યાસ તથા ધંધાની જવાબદારી પણ તમારા માથે છે, આ પરિસ્થિતિમાં તમારી વિચારણા શું ?
3. માતા-પિતાના સંસ્કાર તથા શિબિરમાં મળેલી સમજણના કારણે, આજીવન અભક્ષ્યભોજન અને રાત્રિભોજનના ત્યાગના મનોરથ તમે સેવી રહ્યા છો, 1 વર્ષ ખૂબ સુંદર રીતે પાલન થયું, અને બારમા ધોરણ બાદ ટકાવારીના પ્રશ્ને બેંગલોર-મૈસુર જેવા બહારના પ્રદેશની કોલેજમાં એડમિશન લેવું પડે એમ છે, ડોનેશન કે લાગવગથી પણ અત્રે સીટ મળે તેમ નથી, બહાર જતાં પ્રભુની આજ્ઞા પળાય તેમ નથી, આવા સંયોગોમાં શું કરશો ?



4. તમે રાત-દિવસ અભ્યાસ કરી ખૂબ જહેમત ઉઠાવી 12 મા ધોરણની પરીક્ષા આપી, અને સમગ્ર બોર્ડમાં મેરિટમાં સાતમા નંબરે પાસ થયા છો, તમારા પરિવારજનોએ શક્તિ ઉપરવટ જઇ સરસ પાર્ટી રાખી છે. તમે મિત્રો સાથે બહાર ફરી પાર્ટીમાં આવવા બાઇક પર ઘરે આવી રહ્યા છો અને અજાણતા એક ગલુડિયું કચડાઇ જાય છે, તેની સારવાર કરાવવા જતાં પાર્ટી ચૂકાય તેમ છે. કદાચ સ્વજનો-મહેમાનો ગુસ્સે પણ થાય, આવા સંયોગોમાં તમે શું નિર્ણય લેશો ? શા માટે ?
5. છેલ્લા 4 વર્ષથી અભ્યાસની જવાબદારીના કારણે છૂટી ગયેલી અષ્ટપ્રકારી પૂજા આજથી 10 થી 12 ના સમયગાળામાં શરુ કરવાના તમને કોડ છે અને ઉત્કૃષ્ટ દ્રવ્યો લઇ દેરાસરે પહોંચ્યા છો, તેજ દિવસે યુવક મંડળ દ્વારા શુદ્ધિકરણ કાર્યક્રમ તેજ સમયે ગોઠવાયો હોવાથી તેમાં જોડાવાનું તમને આમંત્રણ મળે છે, તેજ સમયે અત્યંત પ્રભાવશાળી જૈનાચાર્યનું તમારા સંઘના ઉપાશ્રયમાં જાહેર પ્રવચન ગોઠવાયું છે, તે જ સમયે, તમારા સમાજના યુવક આગેવાનો દ્વારા અનુકંપાનો-હોસ્પિટલમાં ફ્રુટ વિતરણનો કાર્યક્રમ ગોઠવાયો છે. તમે કોને મહત્ત્વ આપશો ? શા માટે ?
6. કોઇ પણ વ્યક્તિની ધાર્મિકતા કે અધાર્મિકતાનો નિર્ણય તમે શેના આધારે કરશો ? તમારે તેવી વ્યક્તિ સાથે કલ્યાણમિત્ર તરીકે સંબંધ બાંધવો કે નહીં તેના માટે આ નિર્ણય કરવાનો છે તો તમે કોને મહત્ત્વ આપશો ?
7. જો તમને એક વર્ષ માટે જૈન સંઘના પ્રમુખ બનાવવામાં આવે તો જિનશાસનના સર્વાંગીણ વિકાસ માટે તમે શું કાર્ય કરશો ?
8. પૂ. ગુરૂભગવંતોએ શ્રી ગીરનારજી, અંતરીક્ષજી, મક્ષીજી આદિ તીર્થોની સુરક્ષા માટે 'તીર્થરક્ષા અભિયાન' પ્રારંભ્યું છે, તે નિમિત્તે રજાના દિવસો દરમ્યાન તીર્થમાં વિશિષ્ટ કાર્યક્રમ રાખેલ છે, તમારી ત્યાં જવાની તીવ્ર ભાવના છે. પરંતુ અકસ્માત થતા પગે ફ્રેક્ચર થવાથી જઇ શકો તેમ નથી. તમારી ઇચ્છા ઘેરબેઠા પણ કોઇક રીતે સહાયક થવાની છે. તમે આ અભિયાનને કઇ રીતે સહાયક થશો ?

**ઉત્તર** ..............................................................

..............................................................

# અર્થજીવનને શણગારીએ



**સમય મર્યાદા 30 મિનિટ** **ગુણાંક 20**

**પ્રશ્ન અ. કોઇપણ પાંચ પ્રશ્ન પર 6 લાઇનમાં – 3 થી 4 મુદ્દા પૂર્વક / વિકલ્પ-પૂર્વક જવાબ લખો.**

1. તમારું મધ્યમવર્ગીય કુટુંબ તમારા પિતાશ્રીની બાંધેલી આવકમાં ખૂબજ કરકસરથી છતાં ય આબરુદાર રીતે પ્રસન્નતાથી જીવી રહ્યું છે પરંતુ તમારા નાના ભાઇની ઇચ્છા કુટુંબને ઊંચુ લાવવાની અને ધાર્મિક ક્ષેત્રમાં ઘણા સારા લાભો લેવાની હોવાથી તે શેરબજારના ક્ષેત્રમાં પ્રવેશવા ઇચ્છે છે. આવા સમયમાં તમારી સલાહ શું હશે ?

2. કોલેજમાં તમારા મોટા ભાગના મિત્રો શ્રીમંત હોવાથી પોતાના બાઇક પર આવે છે, મોબાઇલ રાખે છે. સોનાની જાડી ચેન અને લકી પહેરે છે, પાર્ટીઓમાં અને કોઇ પણ પ્રસંગ સેલિબ્રેટ કરવામાં ધૂમ રુપિયા ખર્ચે છે, તમે પણ આવા શોખ પૂરા કરવાની ગણતરીથી જાહેર નહીં કરેલા રુપે રુ. 50,000 (પચાસ હજાર) બચાવ્યા છે, ત્યાં તમારા પાડોશી મિત્રના પિતાશ્રીએ શેરબજારમાં ખૂબ રુ. ગુમાવ્યા છે, લેણદારોની કડક ઉઘરાણીથી તેઓ સતત ચિંતિત છે. તમને સહાનુભૂતિ પણ છે તો તમે શું કરશો ? લેણદારોને રકમ જતી કરવા સમજાવશો ? ઉદાર દાતાઓ પાસેથી રકમ ઉઘરાવશો ? તમારી રકમ અર્પણ કરશો કે અન્ય ? શા માટે ?

3. નાનપણથી તમને તીવ્ર શાસનપ્રેમ છે, શાસનસેવાના ખૂબ ખૂબ કાર્યો કરવાની તમને તમન્ના છે પરંતુ પરિવારની અતિશય ગરીબીના કારણે



કે પરિવારના વિરોધના કારણે સુકૃતો કરતી સંસ્થાઓ, જે દરેકમાં સભ્ય ફી, વાર્ષિક ફી તથા અન્ય જરુરી રકમ ભરવાની થાય, જે તમે ભરી શકતા ન હોવાના કારણે જોડાઇ શકતા નથી અને શાસનસેવાના સુકૃતોથી વંચિત રહો છો. આવ સંયોગોમાં તમારો શાસનપ્રેમ તમને કોઇ માર્ગ સુઝાડે છે ?

4. C.A. થઇને તમે તમારા અજૈન મિત્ર સાથે ભાગીદારીમાં કંપની શરુ કરી. અનેક જૈન સંઘો અને ટ્રસ્ટોના ઓડિટ તમારી પાસે છે, લોકોએ સુકૃતો કરવા આપેલ રકમને સરકાર ઓહિયા ન કરી જાય તે માટે તમે અનેક માર્ગ શોધો છે અને તે મુજબ ટેક્ષ બચાવો છો. દરેક વખતે તમારો અજૈન ભાગીદાર દલીલ કરે છે કે ધર્મને ખાતર રાષ્ટ્રદ્રોહ કેમ કરાય ? ધર્મ કરતા રાષ્ટ્ર પહેલા છે. રાષ્ટ્ર બચશે તો ધર્મ બચશે. તમારો અભિપ્રાય અને પ્રત્યુત્તર શું ?

5. દેવ-ગુરુ કૃપાએ જીવનમાં સારી સફળતા મળતાં તમારી પાસે સંપત્તિ સારી એકઠી થઇ છે અને ઉદારતાગુણ પણ ઠીક ઠીક વિકસ્યો હોવાથી અનેક સંસ્થાઓ, મંડળો આદિ અવનવા સત્કાર્યો કરવા માટે અવારનવાર તમારી પાસે ટહેલ નાખી રહ્યા છે. તમે પણ શક્ય લાભ લેવા ઇચ્છુક છો, તમે સંપત્તિના સદ્વ્યય માટે શું કાળજી રાખશો ?

6. અર્થ પુરુષાર્થ, અર્થોપાર્જન, અર્થલાલસા અને અર્થ મૂર્ચ્છા વચ્ચેનો ભેદ સમજાવો.

7. જો તમને એક દિવસ માટે ભારત દેશના નાણાપ્રધાન બનાવવામાં આવે, તો વર્તમાન આર્થિક વિટંબણાઓ, ધાર્મિક ટ્રસ્ટો પર ટેક્ષ, કતલખાના માટે સબસિડી પણ પાંજરાપોળ પર ટેક્ષ આદિ ભારત સરકારની વિષમ આર્થિક નીતિઓને બદલવા તમે શું કરશો ?

**ઉત્તર** ............................................................

............................................................

**ઉત્તર** ............................................................

............................................................

# મિત્રતાની મહેક



1) તમારા મનમાં રહેલી આદર્શ મિત્રની વ્યાખ્યા લખો...એટલે કે આદર્શ મિત્ર પાસેથી તમે શું અપેક્ષા રાખો છો તે જણાવો.

2) તમારો અત્યંત નજીકનો મિત્ર board માં મેરિટ સાથે પાસ થયો છે. આખું friend circle મળી મોટી પાર્ટીનું આયોજન કરવા અને કિંમતી gifts આપવાનું વિચારે છે. તમે મધ્યમવર્ગીય કુટુંબમાંથી આવતા હોવાથી મોંઘી gift પરવડે તેમ નથી. તો તેની સફળતાના આનંદને તમે કેવી રીતે વ્યક્ત કરશો ? અભિનંદન કઇ રીતે આપશો ?

3) આજે કોલેજમાં ‘ફ્રેન્ડશીપ ડે’ની ઉજવણી છે. બધા કોલેજિયનો એક-બીજાને અને તેમાં પણ શ્રીમંત, બુદ્ધિશાળી, શક્તિશાળી હશે તેને belt બાધશે. હાથ પર મેસેજ લખશે, Gift આપશે, કાર્ડ્સની આપ લે થશે...તમે ‘ફ્રેન્ડશીપ ડે’ ની ઉજવણી કોની સાથે કરશો અને કેવી રીતે કરશો ?

4) તમારા ફ્રેન્ડનું કોઇ ખાનગી ચક્કર ચાલી રહ્યું છે. સામી પાર્ટી આ બાબતમાં સિરિયસ છે અને તમારા ફ્રેન્ડ માટે તે માત્ર timepass છે, થોડી મજા માણી લીધા તમારો ફ્રેન્ડ આમાંથી છૂટવા માંગે છે, અને સામી વ્યક્તિ છોડવા નથી માંગતી, તેથી તમારો મિત્ર તમારી મદદ માંગે છે. આ સંયોગોમાં તમારો અભિગમ શું હશે ?

5) દુનિયામાં અનેક પ્રકારના મિત્રો હોય છે. ટાઇમ પાસ મિત્રો, જલ-સાબાજ મિત્રો, સ્વાર્થસાધક મિત્રો, ગણતરીબાજ મિત્રો, નિઃસ્વાર્થ પ્રેમસભર મિત્રો, તમે આ બધાને કેવી રીતે ઓળખશો ?

6) જીવનમાં આપણને દરેક પ્રકારની વ્યક્તિ મળે છે. ઉપર મુજબના પાંચે પ્રકારના મિત્રો તમને મળ્યા છે. તમે તેમની સાથે કેવો વ્યવહાર કરશો ?



7) નોટ્સ બનાવવાની તમારી આવડત ખૂબ સારી છે. તેથી તમારી નોટ્-સની ડિમાંડ ઘણી રહે છે. Exams નજીક છે, તમારે પોતે અભ્યાસ કરવાનો છે, તેજ સમયે તમારા બે friends જેઓ બન્ને પરસ્પર દુશ્મન છે, તેઓ તમારી નોટ્સ માંગે છે. ખૂબ આગ્રહથી બન્ને માંગે છે. ઝેરોક્ષ કરાવવાનો સમય અને સંપત્તિ બન્ને તમારી પાસે નથી, તે સમયે તમે શું પગલું ભરશો ?

8) એક ભયાનક એક્સિડંટમાં તમારા મિત્રના મમ્મી-પપ્પા-ભાઇ-બહેન મૃત્યુ પામ્યા છે. માત્ર 80 વર્ષના દાદી બચ્યા છે અને તમારો મિત્ર મલ્ટીપલ ફ્રેક્ચર સાથે હોસ્પિટલમાં છે. તેને કેવી રીતે આશ્વાસન આપશો અને ભાવિ જીવનની વ્યવસ્થા ગોઠવવામાં કેવી રીતે મદદરુપ થશો ?

**ઉત્તર** ..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

**ઉત્તર** ..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

**ઉત્તર** ..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

**ઉત્તર** ..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................



# Mathsની માથાકૂટ કે ગણિતની ગમ્મત

**સૂચના : 3 min. Time Limit (180 Seconds) વિદ્યાર્થીને Question Cheat આપવામાં આવશે એની પાછળ Answer લખી આપવા. સાચો જવાબ + 20, ખોટો જવાબ-10**

પ્રશ્ન 1 : Fill in the blanks ખાલી જગ્યા પૂરો.

① ④ ⑤ ② ③


| | | | |
|---|---|---|---|
| | 69 | 32 | 130 |
| 127 | 37 | 53 | |
| 41 | 57 | | 173 |
| 197 | | 160 | |

Total પાંચ ખાલી જગ્યા એક થી પાંચમાં ક્રમ વાર જવાબ લખો.

Ans. 1. ........................ 2. ........................

3. ..................... 4. ........................ 5. ........................

પ્રશ્ન 2 :






શાસન વંદના માટે શિબીરાર્થી યુવાનો ગોઠવાયેલા છે, ગોઠવેલી આઠે દિશામાં (દિશા + વિદિશા) ચક્રાકારે એક લાઇનમાં 25 જણ છે. સંચાલકશ્રી ઉત્તરસન્મુખ છે. સંચાલકશ્રી Round માટે નીકળે છે. ઉત્તરથી લાઇનમાં તેઓ નીકળે છે, તો 29 Round ચત્તા (Clockwise) મારે છે ત્યાંથી 30 Round ઉંધા (Anti-clock) wise મારે છે તો હવે તે કઇ દિશાની લાઇનમાં હોય અને ત્યાં કેટલા શિબીરાર્થી હોય ?

પ્રશ્ન 3 : {11, 21, 34, 50, ........, ...........}

પછીની પાંચમી (5th) અને છઠ્ઠી (6th) સંખ્યા કઇ.

પ્રશ્ન 4 : 3069 Rupeesનો એક જીવ છુટે છે.

489 Rupees ઘાસચારાના

411 Rupees નિભાવના છે.

3,909 Rupees કુલ ખર્ચો.

આવા જો 29 જીવો છોડાવવા હોય તે ઘાસચારા અને નિભાવ પ્રત્યેકનો ખર્ચો કુલ કેટલો થાય ?

પ્રશ્ન 5 : x પોતાના ઘરેથી 11 K.m. પૂર્વમાં જાય છે, ત્યાંથી 19 K.m. દક્ષિણમાં, ત્યાંથી 14 K.m. પૂર્વમાં, 19 K.m. પશ્ચિમમાં, 27 K.m. ઉત્તરમાં, 5 K.m. પશ્ચિમમાં, 8 K.m. દક્ષિણમાં જાય છે. તો x હવે ક્યાં હોય ? જો તેના ઘરથી x વચ્ચેના અંતરને લઇને જો વર્તુળ બનાવીએ તો વ્યાસ કેટલા સેન્ટિમીટરનો થાય ?

પ્રશ્ન 6 : મેરૂ પર્વતનો ત્રીજો કાંડ 36 હજાર યોજનનો છે, 1 દાદરની ઉંચાઇ 50 c.m. છે. 34,944 મા યોજનની શરૂઆતમાં જ કેટલા પગથિયા થાય ?

પ્રશ્ન 7 : 4નો ચાર વખત ઉપયોગ કરીને જવાબ 5 લઇ આવો.

પ્રશ્ન 8 : 4નો ચાર વખત ઉપયોગ કરીને જવાબ 212 લઇ આવો.

પ્રશ્ન 9 : એક માણસને વર્ષે 1,19,000ના પગારની નોકરી મળી છે, અને 25 વર્ષ સુધી દર વર્ષે 59,000નો વધારો થાય છે તો 23મા વર્ષે કેટલો વધારો થાય ?

પ્રશ્ન 10: 10, 17, 35, 64, 104............., ..................., ...................,
આગળની ત્રણ સંખ્યા જણાવો.

પ્રશ્ન 11 : આયુષ્ય 1,00,00,00,000 વર્ષ ઘટે ત્યારે ઉંચાઇ 2 ધનુષ્ય ઘટે ધારોકે 1 વ્યક્તિનું આયુષ્ય બે પૂર્વનું છે. અને તેની ઉંચાઇ 1600 ધનુષ્ય છે. હવે જો આયુષ્ય 15,80,40,60,000 વર્ષ ઘટે તો ઉંચાઇ કેટલી ઘટે અને આયુષ્ય કેટલું આવે ?

પ્રશ્ન 12 : પ્રથમ અંગના 18000 શ્લોક લખાય પછી દરેકમાં ડબલ શ્લોક હતા તો 11માં અંગમાં કેટલા શ્લોક હોય ?

પ્રશ્ન 13 : 2,16,139, 1105.................., ..................... આગળની બે સંખ્યા જણાવો.

પ્રશ્ન 14 : 4, 9, 8, 27, 16, 81, 32, 243.
................., ...................., .................., .................
આગળની ચાર સંખ્યા જણાવો.

પ્રશ્ન 15 :

| | | | |
|---|---|---|---|
| ___ | 70 | 50 | 150 |
| 5 | 25 | 39 | 69 |
| 111 | 208 | ___ | 722 |
| ___ | ___ | ___ | ___ |

કોઠાની ખાલી જગ્યા પૂરો.

પ્રશ્ન 16 : 11 – 14 – 24 – 41 – 65 –
........................, ...................., ...................
આગળની ત્રણ સંખ્યા જણાવો ?


પ્રશ્ન 17 : 1525, 3050, 4575, 6100 ..........................................
આના પછીની 13મી સંખ્યા કઇ ?? અને બધાનો કુલ સરવાળો ???

પ્રશ્ન 18 : એક અસત્ કલ્પના મુજબ,................................
પ્રાયઃ કરીને પાણીના એક ટીપામાં 65536 ત્રસકાયના જીવ હોય છે, જો પહેલી અને બીજી સેકન્ડે 65000 જીવો મરે અને 68000 જીવો જન્મે, ત્રીજી અને છઠ્ઠી સેકન્ડે 65220 જીવો જન્મે અને



67837 જીવો મરે, ચોથી, પાંચમી અને સાતમી સેકન્ડે 64000 જીવો જન્મે અને 66349 જીવો મરે. આઠમી, નવમી અને દસમી સેકન્ડે અનુક્રમે 65200, 64060 અને 63,021 જીવો જન્મે અને 64,088, 61,912 અને 60,000 જીવો મરે તો દસમી સેકન્ડે કેટલા જીવો બાકી રહે ?
જો આજ Ratio માં જીવોત્પત્તિ ચાલુ રહે તો 105મી સેકન્ડે કેટલા જીવો બાકી રહે ?

પ્રશ્ન 19 :




1 યોજન = 5200 કિ.મી.
1 મીટર = 3.25 ફુટ
1 મીટર = 100 સી.મી.

1. મેરૂપર્વતનો પ્રથમ ગઢ 500 યોજન ઉંચો છે
2. બીજો કાંડ 62,500 યોજન ઉંચો છે.
3. ત્રીજો કાંડ 36,000 યોજન ઉંચો છે.

પ્રશ્ન 1 : 500 યોજનના પ્રથમ કાંડ પર સીધા અડધા ફુટના દાદરા બનાવવા હોય તો કેટલા દાદરા બનશે ?

પ્રશ્ન 2 : 62,500 યોજનના બીજા કાંડ પર અડધા ફુટના દાદરા બનાવવા હોય તો કેટલા દાદરા બનશે ?

પ્રશ્ન 3 : 36,000 યોજનના ત્રીજા કાંડ પર એક ફુટનો એક દાદરો બનાવવો હોય તો કેટલા દાદર લાગશે ?

પ્રશ્ન 4 : 12 યોજનની ચુલિકા પર એક રત્ન પાંચ સે.મી. માપનો લગાડતા એક લાઇન પર કેટલા રત્ન લાગશે ?

# બુદ્ધિં તર્પયામિના ઉત્તરપત્ર

- ઉત્તર 1 : રૂા. 40,00,000 • ઉત્તર 2 : રૂા. 25,83,334
- ઉત્તર 3 : રૂા. 30,75,00,000 (પ્રથમ 15 વર્ષનો કુલ પગાર) — રૂા. 46,50,00,000. (16 થી 30 વર્ષનો કુલ પગાર).
- ઉત્તર 4 : 833.33 % (8.33 ગણું) • ઉત્તર 5 : પ્રત્યેકની પેટીની સંખ્યા 1,18,800 — કુલ પેટીની સંખ્યા 3,56,400
- ઉત્તર 6 : રૂા. 11,893,06,80,000 Rs., 4,75,72,27,20,000 %
- ઉત્તર 7 : રૂા. 392,47,12,44,000
- ઉત્તર 8 : ધર્મસુકૃતનું વળતર અર્થક્ષેત્ર કરતાં 7389867495 ગણું ચડિયાતું
- ઉત્તર 9 : ધર્મક્ષેત્રનો વળતર રાશિ 59,46,53,40,000-વ્યાવહારિક અભ્યાકનો વળતર રાશિ 1129.3
- ઉત્તર 10 : 52,65,681.3955 % ચડિયાતો ભાજકરાશિ ધર્મક્ષેત્રનો...

# બુદ્ધિં સન્ધયામિના ઉત્તરપત્ર

- ઉત્તર 1 : (1) રાણકપુર (2) કલિકુંડ (3) કુલપાક (4) પાનસર (5) વરકાણા
- ઉત્તર 2 : (1) 2 (2) 11 (3) 9 (4) 5 (5) 4
- ઉત્તર 3 : (1) જિનકી પ્રતિમા ઇતની સુંદર વો કિતના સુંદર હોગા
  (2) પ્રથમ જિનેશ્વર પ્રણમિયે જાસ સુગંધી રે કાય
  (3) દીન દુખિયાનો તું છે બેલી તું છે તારણહાર, તારા મહિમાનો નહિ પાર.
  (4) એવા પ્રભુ અરિહંતને પંચાંગ ભાવે હું નમું.
  (5) આજ મારા પ્રભુજી સામું જુઓને સેવક કહીને બોલાવોને.



| | | | |
|---|---|---|---|
| ઉત્તર 4 : | 1. આદિનાથ | 2. આગમ | 3. આગ |
| | 4. આદિ | 5. આનંદ | 6. નંદ |
| | 7. નંગ | 8. નંદિ | 9. નાર |
| | 10. નારદ | 11. નાશ | 12. નાથ |
| | 13. નાદિઆ | 14. મરદ | 15. દશ |
| | 16. દર | 17. થર | 18. શર |
| | 19. ગર | 20. મર | 21. રમ |
| | 22. રગ | 23. મગ | 24. ગમ |
| | 25. કર | 26. કદ | 27. કદર |
| | 28. શક | 29. રથ | 30. દિનાર |
| Extra | રદ | નાશક | નારક દશરથ |

# બુદ્ધિં ઉત્તેજયામિ

| | | | |
|---|---|---|---|
| ઉત્તર 1 : | 1. વિમલાચલ | 2. લક્ષ્મણા | 3. નાડોલ |
| | 4. લછવાડ | 5. ડેમ | 6. માંડવગઢ |
| | 7. ઢસા | 8. શંખેશ્વર | 9. રત્નપુરી |
| | 10. રાંતેજ | 11. જૂનાગઢ | 12. કદંબગિરિ |
| | 13. રૈવતગિરિ | 14. રાણકપુર | 15. રાતા મહાવીર |
| | 16. રાજગૃહી | 17. હુમ્બજ | 18. જીરાવલા |
| | 19. લોદ્રવા | 20. વારાણસી | |
| Extra | સુથરી | રેશન્તગિરિ | રાંચી |
| ઉત્તર 2 : | 1. કપર્દી | 2. શાંતિદાસ | 3. કાલકસૂરિ |
| | 4. સમ્રાટ સંપ્રતિ | 5. ચેડા | 6. કુમારપાળે |
| | 7. અષ્ટાપદ | 8. ખીમો દેદરાણી | 9. ધરણાશા |
| | 10. 527 | | |

ઉત્તર 3 : શંખેશ્વર, રખવાલા, લાજ, જરા, રાખજે

# બુદ્ધિં ઉત્સર્પયામિ

ઉત્તર 1 : 100 પૂર્વ અથવા 70,56,000 અબજ વર્ષ, ઉત્તર 2 : 7મી નરક

ઉત્તર 3 : 9,60,000 પખવાડિયા, ઉત્તર 4 : 160 હાથ

ઉત્તર 5 : દેવી, ઉત્તર 6 : 3,21,000 વર્ષ

ઉત્તર 7 : કુંભરાશિના માતાના પુત્રોનું આયુષ્ય 11,99,999 પૂર્વ + 70559999716000 વર્ષ વધુ

ઉત્તર 8 : 16 વેંત ઉત્તર 9 : કામ્પિલ્ય ઉત્તર 10 : હરિષેણ ચક્રવર્તી

# બુદ્ધિનો પકડદાવ

| | | |
|---|---|---|
| ઉત્તર 1 : 1. શીતલનાથ | 2. પદ્મપ્રભુ | 3. અભિનંદન સ્વામિ |
| 4. શ્રેયાંસનાથ | 5. સુપાર્શ્વનાથ | 6. અનંતનાથ |
| 7. શાંતિનાથ | 8. સુમતિનાથ | 9. સુવિધિનાથ |
| 10. મલ્લિનાથ | 11. ચંદ્રપ્રભુ | 12. પાર્શ્વનાથ |
| 13. અજિતનાથ | 14. નમિનાથ | 15. ધર્મનાથ |

ઉત્તર 2 : 1. ખોટું, આઇસક્રિમ અભક્ષ્ય છે, જૈન ન કહેવાય.

2. ખોટું, પાઉં પણ અભક્ષ્ય છે.

3. ખોટું, ચોમાસું છે તેથી પાણીપુરી-ફુદિનો, કોથમરી આદિ ન વપરાય.

4. ખોટું, દહીં સાથે પાપડ દ્વિદળ થાય છે.

5. ખોટું, ઓળીમાં લીલોતરી ન વપરાય તેની કેરીનો રસ ન અપાય.

ઉત્તર 3 : સંસાર દાવાનલ

# ખેલો બુદ્ધિના આટા પાટા

| | | | | |
|---|---|---|---|---|
| દા.ત. | (1) પાર્શ્વ | (2) વામા | (3) અશ્વસેન | (4) વારાણસી |
| | (5) પ્રસેનજીત | (6) પ્રભાવતી | (7) શુભ | (8) વિશાખા |
| | (9) સુવ્રત | (10) મેઘમાળી | (11) કમઠ | (12) ધરણેન્દ્ર |



| | | | |
|---|---|---|---|
| (13) પદ્માવતી | (14) સમ્મેતશિખર | (15) યવનરાજ | (16) શંખેશ્વર |
| (17) કલિકુંડ | (18) સર્પ | (19) સુખસાગર | (20) સુનંદા |
| (21) અશોક | (22) સ્તંભન | | |

# બુદ્ધિં વિકાસયામિ

| | | | |
|---|---|---|---|
| ઉત્તર 1 : | 1. રાજા | 2. મરણ | 3. ઉદધિ |
| | 4. દેવ | 5. સાધુ | |
| ઉત્તર 2: | 1. D | 2. A | 3. D |
| | 4. B | 5. D | |
| ઉત્તર 3: | 1. 54 | 2. 108 | 3. 360 |
| | 4. 9 | 5. 18 | |
| | 6. 72 | 7. 252 | 8. 18 |
| | 9. 207 | 10. 630 | |

ઉત્તર 4 : જિનશાસન એ મારો પ્રાણ, મારું હૃદય, મારું સર્વસ્વ છે. એના પર મને ખૂબ પ્રેમ અને શ્રદ્ધા છે એની સેવા અને રક્ષા માટે મારી તમામ તાકાત લગાવી દઇશ, જરૂર પડે મારું જીવન હોમી દેવામાં અચકાઇશ નહીં.

બોલો જિનશાસનનો જય હો વિજય હો...

# મહાવીરનું શાસન ગાજે છે

| | | | | |
|---|---|---|---|---|
| ઉત્તર 1 : | મહાવીર | રાજગૃહી | હાલિક | કોણિક |
| | કામદેવ | વર્ધમાન | નંદિવર્ધન | નાલંદા |
| | દેવાનંદા | દેવદૂષ્ય | યશોદા | દ્વાદશાંગી |
| | ગૌતમ | મહાશતક | કટપૂતના | નંદન |
| | નયસાર | રોહિણીયો | અગ્નિભૂતિ | ત્રિશલા લચ્છવાડ |

ઉત્તર 2: શ્રેણિક નંદન જમાલિ

ક્ષત્રિયકુંડ મહાશતક

ઉત્તર 3: જે જિનશાસન સમગ્ર વિશ્વનો આધાર છે, પ્રાણ છે, પ્રકાશ છે.

જે જિનશાસન સમગ્ર વિશ્વને કલ્યાણકર, હિતકર, શ્રેયસ્કર છે.

જે જિનશાસન જ્ઞાન-વિજ્ઞાનની તમામ શાખાઓનું ઉદ્દ્ગમસ્થાન છે.

તે જિનશાસનને મારા ક્રોડો વંદન, હું એ જિનશાસનને મારા અંતિમ શ્વાસ સુધી વફાદાર રહીશ.

જિનશાસનને વંદન કરતાં, આનંદ અતિ ઉભરાયે,
એની રક્ષા કરવા કાજે, જીવન અર્પણ કરીએ...

## જૈનં જયતિ શાસનમ્

ઉત્તર 1 :
1. 16582 2. 2581200000 3. 4411
4. મંડિત 5. મૌર્યપુત્ર 5. 3672
6. 2.60 7. 6 માસી, 3 માસી, 2 માસી, માસક્ષમણ
8. મેષ રાશિ, 1600
9. 11.36 (11), 8.83 (9) 10. 63720

## બુદ્ધિની કસોટી

ઉત્તર 1 : 1. આગલોડ 2. લોટાણા 3. ચારૂપ
4. આબૂ 5. ઊના

ઉત્તર 2 : 1. 1 2. 4 3. 4
4. 2 5. 3

ઉત્તર 3 :
1. અંતરજામિ સુણ અલવેસર, મહિમા ત્રિજગ તુમારો રે...
2. મેરા જીવન તેરે હવાલે, પ્રભુ ઇસે પલ પલ તું હિ સમાલે.
3. ઇતની શક્તિ હમેં દેના દાતા, મનકા વિશ્વાસ કમજોર હો ના.
4. હું ક્રોધ અગ્નિથી બળ્યો, વળી લોભ સર્પ ડસ્યો મને.
5. યુગો સુધી ઝળહળશે, ભુવનભાનુના અજવાળા.



ઉત્તર 4 :

| | | |
|---|---|---|
| 1. પાલન | 2. પાલમ | 3. પારસ |
| 4. સગર | 5. પામર | 6. મગર |
| 7. ગરમ | 8. જનમ | 9. જલન |
| 10. સરલ | 11. મગસ | 12. ગરજ |
| 13. મગજ | 14. રમલ (ઝેર) | 15. પાર |
| 16. પાલ | 17. પામ (વૃક્ષ) | 18. રસ |
| 19. સર | 20. રમ | 21. મર |
| 22. રજ | 23. મલ | 24. મન |
| 25. નમ | 26. નલ | 27. ગમ |
| 28. મગ | 29. ગર | 30. રગ |
| 31. ગજ | 32. જગ | 33. જલ |
| 34. જન | 35. સમ Extra | રસમ નજર ગમન સમન |

## બુદ્ધિની ઉછળકૂદ

ઉત્તર 1 : આડી ચાવી
1. જાવડ 2. વડ 4. પરમેશ્વર 6. કાવી
7. રાજ 8. નાણા 9. સત

ઉભી ચાવી
1. જાપ 2. વરકાણા 3. અર/વીર 4. પટના
5. રજત 6. રાસ

ઉત્તર 2 : 1. સુનંદા 2. નેમનાથ 3. ભરત
4. મામા-ભાણી 5. પૂર્વ

ઉત્તર 3 : 1. અગ્નિ (દક્ષિણ-પૂર્વ) દિશામાં 11 કિ.મી.
2. 189.18

## બુદ્ધિનું બેરોમીટર

| | | |
|---|---|---|
| 1. આદીશ્વર | 2. ઇક્ષ્વાકુ | 3. લલિતાંગદેવ |
| 4. ઋષભસેન | 5. સુનંદા | 6. અષ્ટાપદ |
| 7. અયોધ્યા | 8. સુમંગલા | 9. વજ્રજંઘ |
| 10. વિમલાચલ | 11. મરૂદેવા | 12. હસ્તિનાપુર |
| 13. ભરત | 14. ઉત્તરાષાઢા | 15. વર્ષીતપ |
| 16. બાહુબલી | 17. કાશ્યપ | 18. બ્રાહ્મી |
| 19. શ્રેયાંસ | 20. ધર્મચક્ર | 21. નાભિ |

## ઢુંઢતે રહ જાઓગે

1. ત્રીજો આવાસ
2. 5મો આવાસ, 306 વખત રથ ખેંચવાનો, 1020 વખત નવું શરીર બનાવી આપનાર જિમ્નેશિયમ.
3. 4 થો આવાસ, 60 વખત Leading Role
4. 8 મો આવાસ
5. 112 કલાક, 140 વખત.
6. 6ઠ્ઠો આવાસ, 9 વખત પોતાના શરીરમાંથી લોહીની નદી કાઢી બીજાને વપરાવવાનું.
7. 7 મો આવાસ : 80 કાંટાની પથારી, 800 પાંજરા, 40 પોતાની જ જીભની રસવતીના બોનસ સાથે.
8. 1 સાગરોપમ + 70 લાખ પૂર્વમાં 69561 વર્ષન્યૂન or 1 સાગરોપમ + 6999999 પૂર્વ + 70559999930439 વર્ષ
9. 1/5 વર્ષ પ્રથમ આવાસનું આયુષ્ય બાકી રહે.
10. બેમાંથી એકેયને એકપણ આવાસ નહીં મળે કારણ કે-એકની પાત્રતા ઓછી છે. એકની પાત્રતા વધુ છે.



## ચાલો, શેરબજારની સફરે...

1. રૂા. 198612500000000
2. રૂા. 69250 devidend, Rs. 3400 per share value
3. 23572000 Rs., 40900 Rs. per Share Value (40 માં વર્ષે)
4. 11880 શેર, 4928900 Rs. 43 માં વર્ષે per one Share
5. 94040 Bonus શેર, 1 વર્ષનું devidend 337,450 Rs.
6. 5940000000000 Rs. સુકૃતમાં વાપર્યા.
7. 10000 ગણુ વધુ સ્વામિત્વ
8. 211680 990900000 ગણી.
9. 8990727.38 ગણું વળતર 10. 23,544,367.7

## આગમનું અમૃતપાન કરીએ

1. 2402 2. (1) 913 (2) 1650
3. તંદુલ વૈચારિક 4. 454
5. (1) પૂ. મલયગિરિ મ.સા. (2) 30500
6. (1) ભગવતી સૂત્ર (2) જંબુદ્વિપ પ્રજ્ઞપ્તિ (3) 2600
7. (1) પૂ. શીલાંકાચાર્ય (2) પૂ. વિમલવિજય ગણી 8. 9500
9. a) જંબુદ્વીપ પ્રજ્ઞપ્તિ b) તંદુલવૈચારિક પયન્ના c) સૂર્ય પ્રજ્ઞપ્તિ d) પ્રજ્ઞાપના e) ઉપાસક-દશાંગ f) આચારાંગ
10. i) આચારાંગ ii) અંતકૃદ્દશા iii) પ્રશ્ન વ્યાકરણ iv) જીવા જીવાભિગમ v) જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિ...

## બુદ્ધિની બાથંબાથી

| | | | | |
|---|---|---|---|---|
| ઉત્તર 1 : | a. 7 | b. 8 | c. 5 | d. 3 |
| | e. 9 | f. 4 | g. 2 | h. 1 |
| | i. 6 | | | |

ઉત્તર 2 : 1. કલિ 2. કસમ 3. ચંદ્ર 4. કમલ
5. મરિ 6. હેલ 7. કાલ 8. સર્વજ્ઞ
9. હેમ 10. મસૂરિ

સંપૂર્ણ નામ

કલિકાલસર્વજ્ઞ હેમચંદ્રસૂરિ

ઉત્તર 3 :

a. 7546 સ્તોક

b. 3 અહોરાત્ર સ્વાધાય, 1½ અહોરાત્ર જાપ 1½ અહોરાત્ર વાંચન,

c. ½ માસ ઉપાશ્રયમાં, ½ માસ ઘરે સામાયિકમાં હશે. d. રાહુલને 94325 પ્રાણ સમય વધારે લાગશે.

## ‘વ’ થી કરીને વહાલ બની જાઓ ખુશહાલ

ઉત્તર 1 :

1. વાસપૂજ્ય (સ્વામી) 2. વામા માતા 3. વાસક્ષેપ
4. વારિષેણ 5. વાયુકાય

ઉત્તર 2 : 1. વિભાજીત 2. વિશુદ્ધ 3. વીતરાગ
4. વિદેશ 5. વિમલ 6. વિકલ્પ
7. વિસંગત 8. વિયોગી 9. વિરલ
10. વિજયી 11. વિચક્ષણ

ઉત્તર 3 :

1. વિમલનાથ 2. વિજય શેઠ-વિજયા શેઠાણી
3. વસ્તુપાળ-તેજપાળ 4. ઉપા. વિનયવિજયજી મ.
5. વર્ધમાન 6. વરદત્ત.

ઉત્તર 4 :

1. વિમલગિરિ 2. વરકાણા 3. વિજાપુર 4. વિસનગર
5. વાવ 6. વલ્લભીપૂર 7. વહી 8. વરતેજ 9. વંથલી
10. વાંકાનેર 11. વાંકી



## ભુવનભાનુના અજવાળા

1. 44 વર્ષ 2. કલકત્તા થી મુંબઇ
3. વીર સંવત 2461 4. પોપટભાઇ (પં.પદ્મવિજયજી)
5. 199 મહિના 6. 1075 દિવસ
7. 7438 દિવસ 8. 780 આયંબિલ
9. 9450 10. 58 વર્ષ પૂર્વે

## સિદ્ધાચલની સફરે

ઉ. 1 1. રૈવતગિરિ 2. 999 3. રામ-લક્ષ્મણ 4. ઘંટાકર્ણ મહાવીર
5. હિંગરાજનો હડો.

ઉ.2. 1. રાયણ 2. પુણ્ય-પાપ 3. શેત્રુંજી 4. અંગારશા 5. સૂરજ
6. નેમનાથ 7. મોતીશા 8. વાઘણ 9. ઉજમ 10. ચંદન

પ્ર.3. 1. સિદ્ધાચલ શિખરે દીવો રે, આદીશ્વર અલબેલો.
2. હું માંગું ચરણોની સેવા, દાદાને દરબાર.
3. યાત્રા નવ્વાણું કરીએ વિમલગિરિ.
4. પ્રભુજીનું મુખડુ મલકે નયનોમાંથી વરસે અમીરસધારા
5. કોઇ મૂકે સોનારુપા કોઇ મૂકે મહોર,
કોઇ મૂકે ચપટી ચોખા દાદાને દરબાર.

## મળો નેમનાથ ભગવાનના પરિવારને

1. નેમનાથ 2. શિવાદેવી 3. સમુદ્રવિજય
4. કૃષ્ણ 5. રથનેમિ 6. રાજીમતી
7. સહસાવન 8. અંબિકા 9. ગોમેધ
10. શંખ 11. દ્વારિકા 12. ગીરનાર
13. ગજસુકુમાલ 14. દેવકી 15. રૂક્મિણી

| | | |
|---|---|---|
| 16. ઉગ્રસેન | 17. જરાસંઘ | 18. વરદત્ત |
| 19. યાદવ | 20. રત્નાશા | 21. ઢંઢણ |
| 22. હરણ | | |

## 'અ' ને ઓળખો, બુદ્ધિને પરખો...

ઉત્તર 1 : 1. અવસર્પિણી 2. અજીતનાથ 3. અરિહંતાણં 4. અનંતકાય

ઉત્તર 2 : 1. અનંત 2. અભેદ્ય 3. અભય 4. અદ્વિતીય 5. અખંડ 6. અનુપમ 7. અનાદિ 8. અવિભાજ્ય 9. અનામિકા 10. અવિનાશી 11. અભવ્ય 12. અખાદ્ય

ઉત્તર 3 : 1. અભયકુમાર 2. અઇમુત્તા 3. અભિનંદન સ્વામી 4. અશ્વસેન મહારાજા 5. અજયપાળ

ઉત્તર 4 :
1. અમી ભરેલી નજરું રાખો.
2. આંખ મારી ઉઘડે ત્યાં પારસનાથ દેખું.
3. અજવાળા દેખાડો અંતરદ્વાર ઉઘાડો
4. એસી દશા હો ભગવન
5. આજ મારા પ્રભુજી...



## ઉચિતને આવકારીએ, અનુચિતને ન કરીએ

ઉત્તર 1 : 1. અનુચિત 2. અનુચિત 3. અનુચિત 4. ઉચિત 5. અનુચિત 6. ઉચિત 7. અનુચિત 8. અનુચિત 9. ઉચિત 10. અનુચિત 11. અનુચિત 12. અનુચિત 13. અનુચિત 14. ઉચિત 15. ઉચિત 16. ઉચિત 17. ઉચિત 18. ઉચિત 19. ઉચિત 20. અનુચિત 21. ઉચિત

ઉત્તર 2 : 1. 17 2. જલ 3. રૌદ્ર 4. શ્રાવિકા 5. નાગરિક શાસ્ત્ર 6. 0 (શૂન્ય) 7. 43 8. અરનાથ
9. પ.પૂ.સંયમબોધિવિજયજી મ.સા.
10. ઋજુવાલિકા 11. 9

ઉત્તર 3 : 1. હજ 2. જસિ 3. હય 4. રાજ 5. જય 6. જરા 7. સિરાજ 8. સિધ્ધ 9. સિંહ 10. રાહ 11. રાય 12. હરા
પૂર્ણ નામ : સિદ્ધરાજ જયસિંહ

## Maths Round ના Answer

ઉત્તર 1 : 29, 163, 75, 217, 520

ઉત્તર 2: 1. ઉત્તર 2. 25 જણ

ઉત્તર 3: 1. 175 2. 209

ઉત્તર 4 : 1. રૂા. 14,181 2. રૂા. 11,919

ઉત્તર 5 : 2,00,000 c.m.

ઉત્તર 6 : 363407200000 પગથિયા.

ઉત્તર 7 : $\frac{4}{4} + \sqrt{4} + \sqrt{4}$

OR

$$\frac{4}{\sqrt{4} + \sqrt{4}} + 4$$

ઉત્તર 8 : $4^4 - 44 = 212$

ઉત્તર 9 : 12,98,000 Rs.

ઉત્તર 10: 1. 155 2. 217 3. 290

ઉત્તર 11 : 1 પૂર્વ + 70544195940000 વર્ષ

= 1568.39188 ધનુષ્ય ઉંચાઇ છે.

ઉત્તર 12 : 18432000 શ્લોક

ઉત્તર 13 : 8849, 70801

ઉત્તર 14 : 64, 729, 128, 2187

ઉત્તર 15 : 30, 403, 146, 303, 492, 941

ઉત્તર 16 : 96-134-179



ઉત્તર 17 : તેરમી સંખ્યા - 19825

અને Total સરવાળો - 1,38,775

ઉત્તર 18 : 10મી સેકન્ડે-65536

105મી સેકન્ડે-64221

ઉત્તર 19 : 1. 16,90,00,00000 પગથિયા

2. 21,12,50,0000000 પગથિયા

3. 60,84,00,00,0000 પગથિયા

4. 12,48,00,00,00 રત્ન લાગે.